(સચ્ચરિત્ર)

રાજ-ગીતમાળા.

(અઘરા શબ્દોના અર્થ સાથે.)

સંગ્રહ કર્તા,

દયાશંકર ભાઇશંકર શુકલ.

આસિસ્ટંટ માસ્તર, સાર્વજનિક હાઇસ્કૂલ-સુરત.

("અભિજ્ઞાન-કાવ્યકલાપ" વગેરેના સંગ્રહકર્તા.)

અને

કલ્યાણજી વિઠ્ઠલભાઈ મહેતા.

ઓન. સુપ્રિન્ટેન્ડન્ટ, પાટીદાર-બોર્ડિંગહાઉસ અને આસિસ્ટંટ માસ્તર, સાર્વજનિક હાઇસ્કૂલ-સુરત.

('બાલ-પ્રાર્થના" અને "ગોપ-કાવ્યો" વગેરેના સંયોજક.)

આવૃત્તિ પહેલી. પ્રત ૧૦૦૦.

સંવત્, ૧૯૭૦. સને, ૧૯૧૪.

કીં. રૂ. ૦-૪-૦

પ્રસિદ્ધ કરનાર—

દયાશંકર ભાઇશંકર શુક્લ.

અને

કલ્યાણજી વિઠ્ઠલભાઇ મહેતા.

પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું:—"પાટીદાર બોર્ડિંગહાઉસ"

સૈયદપુરા, ચોકીશેરી—સુરત.

છાપનાર—ઠાકોરદાસ માનસીંગ.

છાપવાનું ઠેકાણું—"જૈન વિજય" પ્રિન્ટીંગ પ્રેસ.

ચૌટાના પુલ ઉપર—સુરત.

અર્પણપત્રિકા.

શ્રીમાન્ સજ્જનશ્રી ગુલાબદાસ ભાઈદાસ વકીલની
પવિત્ર સેવામાં–સુરત.

માન્યવર,

આપે વકીલાતના ધંધામાં અનુપમ બુદ્ધિચાતુર્ય દાખવી નામના મેળવી છે, અનેક પરોપકારી ખાતાંઓ સાથે આપ સંબંધ ધરાવો છો, કેળવણીની હરેક પ્રકારે વૃદ્ધિ કરવા સબળ પ્રયત્ન કરો છો, અને તેનું આપે સ્થાપેલી કન્યાશાળા આદર્શરૂપ જ્વલંત દૃષ્ટાન્ત છે. આ રીતે દેશહિતનાં અનેક કાર્યો આપના મુબારક હાથે થાય છે. વળી આપની રાજભક્તિ પણ અનુપમ છે, અને તે કોરોનેશન ડે, ચિલ્ડ્રન્સ ડે, અને ઇમ્પીરીઅલ ફંડ વગેરેમાં આપે ભરેલી મોટી રકમથી સુવિદિત છે. એ ઉપરાંત જે "સાર્વજનિક હાઇ સ્કૂલ"માં અમો જોડાયલા છીએ, તેના આધારભૂત "સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી"ના આપ એક ઉત્સાહી મેમ્બર હોઈ કીમતી મદદ કરો છો, એ સઘળાંની સાથે ગુજરાતી સાહિત્યના ઉત્કર્ષ માટે આપ ભારે ચીવટ ધરાવો છો, અનેક લેખકોને ઉદાર આશ્રય આપી આપે અનેક ગ્રંથ પ્રકટ કરાવ્યા છે તે; સઘળા સદ્‌ગુણોથી આકર્ષાઈ આ રાજભક્તિને દૃઢ કરનાર પુસ્તક રાજાપ્રજાના રૂઢ ભક્ત એવા આપશ્રીના ચરણકમળમાં પ્રેમ-પૂર્વક સાદર કરીએ છીએ.

આપના સદાના નમ્ર સેવકો,

સંગ્રહકર્ત્તાઓ.

હોડી.

હર્ષ મગન થઇ આજ અતિ મન,
ઉછળે છે અહા ! દિન ગણી ધન્ય!
આ આનંદ રંગ અંગ અતિ લાગે,
હૃદય હૃદય ખોલવાની રજા માગે.

વિહારી.

પ્રસ્તાવના.

રાજાને દેવ જેવો માનનારી અને ગુર્જરગિરાના પ્રદેશમાં મહાલતી પ્રજાનાં બાળકોની રાજભક્તિને દઢ કરવામાં ઉપયોગી થાય, અને તેની સાથે મેળાવડાઓમાં, કે ના. શહેનશાહના જન્મદિવસ જેવા શુભ ટાણામાં વિદ્યાર્થીઓ પાસે ગવરાવવામાં આવતાં રાજસ્તોત્રો તૈયાર કરાવવા શિક્ષકોને મદદરૂપ થઇ પડે, તે ઉદ્દેશથી આ રાજભક્તિને લગતાં કાવ્યોનો સંગ્રહ કરવામાં આવ્યો છે.

(નૃપવર શહેનશાહ પાંચમા જ્યોર્જના રાજ્યારોહણ પ્રસંગે, અને દિલ્હી દરબાર માટેના આગમન પ્રસંગે, ગુજરાતની પ્રજા તરફથી તેના કવિઓએ હર્ષભરી લાગણીઓથી તે શુભ પ્રસંગને વધાવી લઇ જુદાં જુદાં માસિક અને વર્તમાનપત્રદ્વારા જે આનંદ કાવ્યરૂપે પ્રદર્શિત કર્યો હતો, તેનો આમાં સંગ્રહ કરાએલો છે.) શ્રીયુત વિહારીનું "ષોડશોપચાર-પૂજનાત્મક" કાવ્ય અપ્રસિદ્ધ હતું તે તેમણે ખાસ આ સંગ્રહને માટે પ્રકટ કરવા મોકલી આપ્યું છે, તે બદલ તેમનો આભાર માનીએ છીએ.

સંગ્રહ બને તેટલો પૂર્ણ અને સુંદર કરવા તરફ લક્ષ આપીને છોકરાઓની શાળા, કન્યાશાળા અને ઉર્દુ સ્કૂલોમાં ઉપયોગી થઇ પડે એવી સામગ્રી એકત્ર કરવામાં આવી છે.

ના શહેનશાહના ચરિત્રમાંથી બાળકોને તો શું પણ દરેક માણસને ઘણું ઘણું શીખવાનું મળે તેમ છે, અને તેથી તેમનું સંક્ષિપ્ત ચરિત્ર પણ દાખલ કરવામાં આવ્યું છે; છતાં હજી ઘણીયે ત્રુટી રહેલી હશે, તેને માટે વિદ્વાન્ વર્ગ તરફથી પુનરાવૃત્તિને માટે સૂચનાઓની અપેક્ષા રાખીએ છીએ.

આ પુસ્તક ખાસ કરીને વિદ્યાર્થીઓના ઉપયોગને માટે હોવાથી તેમાંની જોડણી વાચનમાળાને અનુસરતી રાખવામાં આવી છે.

સઘળા લેખક બંધુઓનો અને જે જે માસિકો અને વર્તમાન પત્રોમાંથી આ સંગ્રહને ઉપયોગી સામગ્રી અમે મેળવી શક્યા છીએ, તેમના તંત્રીઓનો અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ. તેમજ વળી રા. ચુનીલાલ રામચંદ્ર શેલતની આ પ્રયાસમાં કીમતી મદદ મળી છે તે બદલ તેમના પણ આભારી છીએ.

સાર્વજનિક હાઇસ્કૂલ-સુરત.
તા ૭મી સપ્ટેમ્બર, ૧૯૧૪.

સંગ્રહ કર્તાઓ.

ના૦ શહેનશાહ પાંચમા જ્યૉર્જનું

સંક્ષિપ્ત જીવનચરિત્ર.

મર્હૂમ શાંતિદાતા શહેનશાહ સાતમા એડવર્ડના અવસાન પછી આપણા હાલના મહારાજાધિરાજ પાંચમા જ્યૉર્જ સને ૧૯૧૧ ના જુનની ૨૨ મી તારીખે ઇંગ્લાંડની ગાદીએ બેઠા. એમનો જન્મ ઇ૦ સ૦ ૧૮૬૫ના જુન માસની ત્રીજી તારીખે થયો હતો. બચપણમાં તેઓ રાજમાતા એલેક્ઝાંડ્રાની દેખરેખ નીચે સાદાઇમાં ઉછર્યા હતા; અને તેઓ મૂળાક્ષર પણ તેમનીજ પાસે શીખ્યા હતા.

તેઓ બાર વરસના થતાં તેમનાં સ્નેહાળ માતાએ એક મહાન રાજ્યકુટુંબના બાળક તરીકેની એમની જવાબદારી વિચારી, એમના મોટાભાઇ પ્રિન્સ આલ્બર્ટ વિક્ટર સાથે શહેનશાહી નૌકાસૈન્યની શાળામાં તેમને મૂક્યા. પોતે રાજકુંવર હોવા છતાં ત્યાં તેમણે સાદાઇ, ખંત અને કર્ત્તવ્યનિષ્ઠાથી એક સામાન્ય વિદ્યાર્થી તરીકે અભ્યાસ કરી નૌકાશાસ્ત્રની પરીક્ષા પહેલા વર્ગમાં પસાર કરી. ત્યાં તેઓ સવારમાં સાડા છ વાગ્યે બધા વિદ્યાર્થીની સાથે ઉઠી, ઠંડે પાણીએ નાહી ખલાસીનું કામ શીખતા, પ્રાર્થનામાં હાજર રહેતા અને ભોજનમાં પણ પોતાના ૨૦૦ સહાધ્યાયીઓ સાથે સામેલ રહેતા.

એમને નૌકાશાસ્ત્રમાં બહુ રસ પડે છે, અને પ્રવાસ કરવો ઘણો ગમે છે. તેમણે પોતાના ભાઇ સાથે ઇ૦ સ૦ ૧૮૭૯માં આફ્રિકાના દ્વિપો અને પશ્ચિમહિંદી ટાપુઓ સુધી સફર કરી હતી. તે પછી ૧૮૮૦ માં પાછા પ્રવાસે નીકળી દક્ષિણઆફ્રિકા, કોલંબો, સિંગાપૂર, શંગહાઇ, હોંગકોંગ વગેરેની મુલાકાત લીધી હતી.

સર્વ સાધનોથી સંપન્ન હોવા છતાં–પૈસાની જરાપણ ખોટ ન હોવા છતાં–રાજકુટુંબનાં માણસો આળસુ બેસી રહેતાં નથી. તેમને કોઇ પણ નોકરી કરવી પડે છે; તે પ્રમાણે એમણે ઇ૦ સ૦ ૧૮૮૨માં નૌકાસૈન્યની નોકરી લીધી. તેઓ કેટલા કર્ત્તવ્યનિષ્ઠ અને કુળ-મોટપરહિત છે તેનો એક જ દાખલો આપવો પૂરતો ગણાશે. જ્યારે તેઓ નૌકાસૈન્યમાં હતા, ને તેમની આગબોટ સોલોનિકા પાસે લંગ-રાયલી હતી, ત્યારે મહારાણી વિક્ટોરિયાના આ પૌત્રને મળવા તુર્કસ્તાનનો સુલ્તાન આગબોટ પર આવ્યો; તે વખતે કોલસાથી કાળાં થએલાં કપડાંવાળો આ માણસ મહારાણીનો પૌત્ર હશે એમ તે માની પણ શક્યો નહિ.

દૈવયોગે ઇ. સ. ૧૮૯૨માં એમના મોટા ભાઇ યુવરાજ વિક્ટરનું એકાએક મરણ થવાથી તેઓ યુવરાજ પદે આવ્યા. તે પછી સને ૧૮૯૩ના જુલાઇમાં તેમનું લગ્ન તેમની સાથે બાળપણમાં રમનાર અને પોતાના મોટા ભાઇ સાથે જેમનું લગ્ન થવા નક્કી થયું હતું તે રાજકુમારી મૅરી સાથે થયું.

યુવરાજપદે આવ્યા પછી ઑસ્ટ્રેલિઆ ને હિંદુસ્તાનની મુલાકાત લઇ, હિંદુસ્તાનનો રાજ્ય વહિવટ કેવી રીતે ચલાવવો તે સંબંધે ઇંગ્લાં-

ડના રાજદ્વારી પુરુષોને સમભાવ અને દિલસોજીનાં તત્ત્વ ભેળવવા ઉત્તમ સલાહ આપી હિંદી પ્રજા માટેની પોતાની માયાળુ લાગણી છેક ત્યારથીજ બતાવી આપી હતી.

ઇ. સ. ૧૯૧૧માં ગાદીએ આવ્યા પછી હિંદી પ્રજા માટેની પોતાની લાગણી જેવી ને તેવી છે, એટલું જ નહિ પણ તેમાં ઘણો વધારો થયો છે, તે બતાવવા ૫૦૦૦ માઇલનો લાંબો પ્રવાસ કરીને પણ તેઓ તેજ વરસના ડિસેમ્બરમાં હિંદુસ્તાનમાં પધાર્યા, અને તા. ૧૨મી એ દિલ્હીમાં ભવ્ય દરબાર ભરી એક અંગ્રેજ રાજા તરીકે આ દેશમાં પહેલ વહેલો તાજ ધારણ કર્યો. આ શુભ પ્રસંગે આખો દેશ હળમળી ઉઠ્યો હતો અને ઘેરેઘેર દિવાળી જેવો ઉત્સવ થઇ રહ્યો હતો. વળી ના. શાહેનશાહે કેળવણી માટે દર વરસે ૫૦ લાખ રૂપીઆ અને એવા બીજા કીમતી લાભો આપીને એ આનંદમાં ઘણો વધારો કર્યો હતો.

ના. શાહેનશાહના વિદ્યાર્થી તરીકેના અને ગૃહસ્થ તરીકેના જીવનમાંથી ઘણી ઘણી બાબતો આપણ સર્વને શીખવા જેવી ને અનુકરણ કરવા જેવી મળી આવે છે એ તો નિઃશંક છે.

આખી દુનિઆના મહાન રાજાઓમાંના એક હોવા છતાં પોતે હંમેશાં સતત ઉદ્યોગમાં મચ્યા રહેછે. સવારમાં તેઓ ઘણા વહેલા ઉઠે છે, અને જ્યારે તેમના સેક્રેટરીઓ નોકરી પર હાજર થાય છે, ત્યારે તો તેઓ તેમને ઘણી વાર કઠણ કામમાં રોકાયલા જુએ છે. પોતાને માથે રાજ્યની અનેક જાતની જવાબદારીઓ છતાં પોતે ખાનગી ખાતાં ઉપર પણ બહુ જ દેખરેખ રાખે છે. કહેવાય છે કે આટલી દેખરેખ અગાઉના કોઇપણ

રાજાએ એ ખાતાં પર રાખી ન હતી. દરેક જાતના હિસાબો ને આંકડાઓ પણ તેઓ અચૂક તપાસે છે.

ના. શહેનશાહ આહારવિહારમાં પણ ઘણા નિયમિત અને મિતાહારી છે તમે જાણીને અજબ થશો કે **તેઓ કદી પણ ચા પીતા નથી.** તેમજ વળી બપોરના ભોજન અને રાતના નાસ્તા વચ્ચે પણ તેઓ કશું ખાતા પીતા નથી. બપોરના જમણ પહેલાં તેઓ થોડો વખત વિશ્રાંતિ લે છે, અને તે વખતે ના. શહેનશાહબાનુ તથા રાજકુટુમ્બનાં માણસોને મળવામાં થોડો વખત ગાળે છે. તેઓ આ ફરજ કદી પણ ચૂકતા નથી. પોતાના પુત્રને-પ્રિન્સ ઑફ વેલ્સને-દરબારી ખાતામાં લક્ષ રાખવાની તેઓ ફરજ પાડે છે. આ પ્રમાણે તેઓ એક આદર્શ પિતા તરીકેનું દૃષ્ટાન્ત આપણી આગળ રજુ કરે છે.

દિવસે બનેલી રાજકીય હકીકત જાણવામાં ના. શહેનશાહ દરરોજ સાંજે એક કલાક અચૂક ગાળે છે, અને કેટલીક વાર તો પરોઢ સુધી પોતાની આગળ રજુ થએલી બાબતોની વ્યવસ્થાનો નિકાલ કરવા તેઓ જાગે છે. બહુધા તેઓ મધરાત પહેલાં ક્વચિત્ જ સુવે છે, ને જે કામ આજે થતું હોય તે કાલ પર ભાગ્યે જ મૂકે છે.

પ્રભુ આવા આદર્શ ને માયાળુ શહેનશાહને પોતાની પ્રજાનું વધુ ને વધુ કલ્યાણ કરવા લાંબો વખત જીવતો રાખે.

અનુક્રમણિકા.

વિષય.	લેખક.	પૃષ્ઠ.
મંગલવચન	'સમાલોચક' ઑફિસ.	૧
સ્વાગત માટે નિમંત્રણ	શ્રીયુત લલિત.	૨
સ્વાગત	,, ,,	૨
રાજ્યાભિષેક–સ્તોત્ર. (ષોડશોપચાર પૂજનાત્મક)	શ્રીયુત વિહારી.	
૧ આવાહન– ભલે પધાર્યા...		૩
૨ આસન– દિલ્હી...		૪
૩ પાદ્ય– મુંબઇ...		૫
૪ અર્ઘ્ય– રાજભક્તિ		૬
૫ આચમન– પ્રાથમિક વચન.		૭
૬ પંચામૃત સ્નાન–પચાશ્રુ....		૭
૭ વસ્ત્ર– મંડપ....		૮
૮ ઉપવીત– પ્રભા.		૯
૯ ગંધ– અભિષેક ઉમંગ.		૧૦
૧૦ પુષ્પ– આશાપુષ્પ.		૧૧
૧૧ ધૂપ– ઢંઢેરો.		૧૨
૧૨ દીપ– રોશની.		૧૩
૧૩ નૈવેદ્ય– ચૌદરત્ન.		૧૪
૧૪ આરતી– રાજગીત.		૧૫
૧૫ પ્રદક્ષિણા– કલકત્તા.		૧૬
૧૬ ઉદ્વાસન– વળતી સફર....		૧૬
બ્રીટીશ રાજ્યનો રાજસૂય યજ્ઞ. ...	શ્રીયુત ભા. કુ. શુકૂલ.	૧૭
નૃપ વધાવો નૃપ વધાવો.... ...	,, મો. પુ. ઠક્કર.	૨૦
જેના રાજ્ય તણો ભાનુ. ...	,, કું. વિ. મહેતા.	૨૦

વિષય.	લેખક.	પૃષ્ઠ.
શો આજ વધ્યો ઉમંગ... ...	શ્રીયુત મો. પુ. ઠક્કર.	૨૧
રાજગીત	શ્રીમતી સૌ. હરિસુખગૌરી.	૨૩
જ્યૉર્જની જાહોજલાલી... ...	શ્રીયુત ઉમિયાશંકર ખુ.	૨૫
કન્યાશાળા માટેનું રાજગીત. ...	,, અ. બ. બારોટ.	૨૭
સુણો સજ્જનો	,, દેવશંકર વૈ. ભટ્ટ.	૨૯
અહોભાગ્ય આ દેશનાં.	,, મઢડાકર—નાગર.	૩૧
કરો જય શબ્દ તણો ઉચ્ચાર ...	,, સાકરલાલ પુ. શુક્લ.	૩૭
જુગ જુગ જીવો તાજધરણ ...	,, ચંદુલાલ મોજીલાલ.	૩૮
ધન્ય ધન્ય રાજન રાજ.	,, ડા. રા. મહેતા.	૩૯
આ મહારાજાનો તાજ	,, મઢડાકર—નાગર.	૪૦
જય જગત્પતિ.	,, પૂનમચંદ્ર જી. ભટ્ટ.	૪૨
તેજો ઝળકે આજ હર્ષનાં. ...	,, સુરેન્દ્ર.	૪૩
દેતા દાન મહાન જ્યૉર્જ ભૂપતિ...	,, દ. ગં. વ્યાસ.	૪૪
રાજ્યને આશિષ	,, મણિલાલ છબારામ.	૪૬
ના. શહેનશાહને ગુર્જર પ્રજાના આશીર્વાદ.	,, ,,	૪૭
રક્ષ ભૂપ જ્યૉર્જને તું હે જગત્પતિ...	શ્રીયુત સાકરલાલ પુ. શુક્લ.	૪૮
ઉર્દૂ નિશાળો માટેનું	,, મુનશી ગુલામઅલી.	૪૮
વિભુ રક્ષ પાંચમા રાજા.... ...	,, સાકરલાલ પુ. શુક્લ.	૫૦
આનંદાર્દ્ર પ્રજાતણાં હૃદય છે. ...	,, મહાસુખભાઇ ચુ.	૫૧
કોણ અવિચળ શાન્તિ આપે ?...	,, દલપતરામ નાથજી.	૫૩
શ્રી જ્યૉર્જરાય પરમારથી દેવ અંશા.	,, ઉમિયાશંકર ખુ.	૫૫
રાજદંપતિનું પ્રતિનિવર્તન. ...	,, મઢડાકર—નાગર.	૫૭
આશીર્વાદ	,, ના. દ. કવિ.	૬૦
રાજ-ગીત....	,, કે. ન. કાબરાજી.	૬૨

રાજ-ગીતમાલા.

મંગલવચન.

इहै वैधि मापच्योष्ठाः पर्वत इवाविचाचलिः ।

इन्द्र इवेह ध्रुवस्तिष्ठेह राष्ट्रमुधारय ॥

ऋ. मं.१०, अ.१२, सू.१७३, श्लो. २.

હે રાજન્! તું આજ રાજ્ય સદા ભોગવ! તારા હાથમાંથી તેનો કદાપિ ભ્રંશ ન થાઓ! તું પર્વતની પેઠે અલચ થા! જેમ ઇંદ્ર સ્વર્ગ લોકમાં સ્થિર છે, તેમ તું આ લોકમાં સદા સ્થિર થા! તું આ રાષ્ટ્રની પ્રજાને પોતપોતાનાં કર્મોમાં પ્રવર્તાવ!

(સમાલોચક.)

૨

સ્વાગત માટે નિમંત્રણ.

(મરાઠી સાખીને રાહે આશાના લયમાં)

અહો ભાગ્યની આ પળ, વ્હાલાં સર્વ હિન્દીજન! આવો:
વ્હાલપને ઓવારણ, તોરણ રાજ સજોડ વધાવો:
દિલ દરબારે પધરાવો, ને લ્યો અતિથિદેવનો લ્હાવો. ૧
સૌભાગ્યનો પ્રસંગ વિચારી સહચારે સંચરજો:
બ્રિટન બંધુસહ દેશ—સેવને ધર્મ ધુરંધર બનજો:
હાનાં છો તેવાં દિસજો આર્દ્ર, ઉદાર, ઉજ્જ્વલ! હો! ૨
પ્રજાપુત્ર કે રાજપુત્ર સઉ દેશપુત્ર શાણા! હો!
બ્રિટનરાજને રાજેન્દ્ર કહી સામ્રાજ્યને સુહાવો!
ગુણિયલ ગુણજ્ઞ હો રહેજો, સંગે સમૃદ્ધ પ્રગત થજો! ૩

(વસન્ત.) લલિત.

૩

સ્વાગત.

(રાગ—ઉપર પ્રમાણે.)

ભલે પધાર્યાં! રાજદંપતી! સ્વગૃહ ગણી અહીં આવ્યાં!
ઉર અમીરસથી નયનકમળને આજ અહો! ઉભરાવ્યાં!
ઉછળતા ભાવભરી અંજલિ સ્વીકારો, રાજ સજોડ! જરી!

રાજ ! બ્રિટન સત્સંગે પામ્યાં રસ સુગંધ અમ પાછાં;
એમ હજી વિકસવા હઇને બાંધવ રે'જો સાચાં !
સહિષ્ણુ વિષ્ણુસમ રે'જો ! રસાયન પાજો ને પીજો !
હિન્દપટે સામ્રાજ્ય મંડપે રાજ ! ધ્વજા કંઇ સૂચવેઃ—
" અભયદાન દેવાય ન્યાય નેહે તો અભેદ વિલસે ! "
હિન્દને રાજ ! સ્વસ્થ કરજો, પ્રભુ ! એ પુણ્યભાવ ફળજો !!

(વસન્ત.) લલિત.

૪

રાજ્યાભિષેક-સ્તોત્ર.

(ષોડશોપચાર પૂજનાત્મક.)

૧. આવાહન— ભલે પધાર્યા.

(ઓધા નંદનો છોરો તે નમેરો થયો જો-એ રાગ.)

પધારો પધારો ધન્ય ! પધાર્યાં ભલેજો;
હૃદય હૃદય પ્રતિ અધિક હર્ષ ઉછળેજો—પધારો.
શ્હેનશાહબાનુ સાથ શ્હેનશાહની જો;
પ્રથમ તાજપોશી કાજ બ્રિટિશરાજની જો—પધારો.
ધરી હોંશ હેત હિંદ પ્રતિ અતિ રતિજો;
પ્રેમે રસ ભર્યાં પધાર્યાં રાજદંપતીજો—પધારો.

પુણ્યભૂમિ લૂમો ઝૂમો હર્ષ ફૂલડેજો;
વાસ પસરી ખંડ ખંડ અવનિમંડળેજો—પધારો.
શે'રે શે'ર ઘેરે ઘેર લે'ર છાઇ રહીજો;
પ્રજા સ્નેહસુધાશીતળશીકર નાહી રહીજો—પધારો.
મોંઘે મેતીડે વધાવે મંગલ મુહૂર્તેજો;
સુવર્ણાદિ વિવિધ સુમન વૃષ્ટિ સ્વાગતેજો—પધારો.
આપે તન મન ધન અર્ઘ્ય ઉદિત ભાણુનેજો;
વારી વારી વિહારી વા'લા પ્રાણને જો—પધારો.

૨. આસન— દિલ્હી.

(પુનમ ચાંદની ખીલી પૂરી અહીંરે—એ રાગ.)

હોંશે હરખે હલકી ઉઠયું આખું હિંદ આ રે,
ભરતાં ભરતભૂમિમાં ભવ્ય તાજદરબાર-
દિલ્હી દિવ્ય દર્શનીય દિવ્યભૂમિથી ઉતર્યું રે,
સાખી—પત્નિ સાથ પધારીને પંચમજ્યોર્જ મા'રાજ;
ધરે શહેનશાહતતણું તેજસ્વી શિર તાજ.
રાણા રાજા માહારાજા મોટા આવી મળ્યા રે,
હરખે ઘેલું અલબેલું શું શોભે શે'ર-
દિલ્હી દિવ્ય દર્શનીય દિવ્યભૂમિથી ઉતર્યું રે.
સાખી—ઇંદ્રપૂરી અલકાપૂરી ઇંદ્રપ્રસ્થ પ્રાચીન;
સભા કાં સભાપર્વની કરે લે'રમાં લીન.

ઝળળાળ ફરતા ઝળકે હિંદભૂમિના હીરલારે,
ઝળકે સમૃદ્ધિ સાત સમુદ્રોનાં શુભ રત્ન,
દિલ્હી દિવ્ય દર્શનીય દિવ્યભૂમિથી ઉતર્યુંરે.
સાખી—સેના સેનાની સભા દેવતાઇ દરબાર.
વિધ વિધ વ્યાપી રહ્યા વિહારી વિહાર;
વર્ણન કરતાં કવિકર ક્રૂર કલમ કરી હારતારે,
એનો સત્ય સ્વાદ ચાખ્યા વિણ કયમ સમજાય—
દિલ્હી દિવ્ય દર્શનીય દિવ્યભૂમિથી ઉતર્યુંરે—.

૩. પાદ્ય— મુંબઇ.

(કામણ દીસે છે અલબેલા તારી આંખમાંરે;—એ રાગ)

મુંબઇ ગવરાવે બલિહારી બ્રિટિશરાજની રે,
તપતા તાજની રે—મુંબઈ.
શહેનશાહને પે'લે પગલે, આવકાર દઇ ડગલે ડગલે,
સ્નેહે સ્વાગત કરતી રાજસમાજનીરે— મુંબઈ.
રાગ રંગ આનંદ ઉમંગે, અનુપમ આવા પ્રૌઢ પ્રસંગે,
તારૂણી મદમાતી બની ખુશ મિજાજનીરે— મુંબઇ.
સુમન વૃષા સૌરભ વરસાવી, મોતી મણિ મોંઘાંથી વધાવી,
મંગલ મુહૂર્તે રાજભક્તિ કરી તાજનીરે— મુંબઈ.
રસમાં રસબસ થઇ રસ ઘેલી, આનંદે અક્કડ અલબેલી,
હૃદયતંતુ વીણા છેડે સહુ સાજનીરે— મુંબઇ.

બેટ એ બંદર છે એ બારૂં, ગાન તાન ગુલતાને પ્યારૂં,
લાગે અલૌકિક લોકે **મુંબઇ** આજનીરે— મુંબઈ.
કયાં **મુંબઇ** એ મૂળની જૂની, કયાં નગરી નવી તાજી તરૂણી,
ગુણ ગાતી ઓશિંગણ થાતી તાજનીરે— મુંબઈ.

૪. અર્ઘ્ય— રાજભકિત.

(સદા સંસારમાં સુખ દુઃખ–એ રાગ)

અમે તો પ્રેમપ્યાસી ભાવભૂખ્યાં હિંદવાસી,
વેચે જ્યાં ભાવ ત્યાં વેચાઇએ વ્હાલે વિલાસી–અમે તો.

સાખી—પ્રેમ અમારો શ્યામને, પ્રેમ અમારો રામ;
પદરજ કિંકર પ્રેમનાં, અમે પ્રેમગુલામ.
પ્રેમે પળશું, પ્રેમે મળશું, પ્રેમે તરશું પ્રકાશી,
તમારી દીલસોજીના અમે ભક્તો ઉપાસી–અમે તો.
સાખી—સુવર્ણ ચાંદી સાંકળે, બાંધ્યા નહિ બંધાય;
કાચે તાગે ભાવના, તાણ્યા બાંધી તણાય.
મોટાઇ માન કે પ્રભુતાઈ ત્યાંથી જાય નાસી,
નચાવ્યાં તેમ નાચ્યાં ભાવમાં ગોકુલવાસી–અમે તો.
સાખી—જાન, માલ, શાંતિ અને, ધર્મ સદા સચવાય;
હક આપ્યા આરંભમાં, વધુ વધુ આશ રખાય.
તમારા તાજ નીચે રે' વિહારી હિંદવાસી,
જીવો મા'રાજ બહુ તપે તાજ બહુ જગમાં પ્રકાશી-અમેતો.

૫. આચમન— પ્રાથમિક વચન.

માઢ.

વશ વિધેય વચન કરતાં વશ વિધેય વચન;
ધન્ય ધન્ય વિશુદ્ધ મન કરતાં વશ વિધેય વચન.
પ્રિન્સ તરીકે પાંચે પધારી વદી ઉદાર વચન;
હરણ કર્યાં હૈડાં હિંદીનાં કહી કહી કરીને સ્વજન--કરતાં.
બ્હાર જતાં બહુ ભાવ ધરીને સહૃદય હૃદય વિચાર;
હળવા ભળવા હેતે હિત કાજે કીધ ઉચ્ચ ઉચ્ચાર--કરતાં.
શુદ્ધ હૃદય–સરનાં શુદ્ધ ઝરણાં માની અમૃત તુલ્ય;
શુદ્ધ હૃદય પાત્રે ધરી રાખ્યાં સહૃદય સજ્જને અમૂલ્ય–કરતાં.
રંકથી રાયની માટ મહેચ્છા અનુપમ હિર અતૂલ,
મંગળ સમય આ મહા મોંઘાનું એ ઉંડું મૂળમૂળ--કરતાં

૬. પંચામૃતસ્નાન— પંચાશ્રુ.

વસંતતિલકા.

મારાં કહી ઉરથી હિંદી કર્યાં તમારાં,
તો કાં નહિ ઉરથી આપ સદા અમારાં ?
વાત્સલ્ય રાજ્ય પ્રતિ ભક્તિ વહી રહેશે,
સ્નેહાશ્રુ સૌ સહૃદયે હૃદયે વહેશે.

દારિદ્રય દૂર રહી દેશ નહિ દુભાયે,
દુષ્કાળ રોગથી પ્રજા પશુ ના પીડાયે;
સ્પૃહા દયાળુ દિલ કૃત્ય સદૈવ રે’શે,
સુખાશ્રુ સૌ સહૃદયે હૃદયે વહેશે.
લોલુપ લક્ષ કલ કૌશલ લાલસામાં,
કલ્લોલ લોલ લલકારી કરે કળામાં;
લક્ષ્મીતણી લલિત લાલ લીલા વિશેષે,
શિવાશ્રુ સૌ સહૃદયે હૃદયે વહેશે.
કોંગ્રેસ રાજ્યહિત હિંદહકો બતાવે,
કૌન્સીલ ધર્મ થકી ફર્જ સદા બજાવે;
વૈષમ્ય ન્યાય વિષયે અધીશે ન રે’શે,
સામ્યાશ્રુ સૌ સહૃદયે હૃદયે વહેશે.
વિદ્યા વિનોદ વીરરત્ન પમાડી પામે,
પૂરી કળા કૃષિ થકી ધન ધાન્ય ધામે;
લે તત્ત્વજ્ઞાન તક શું શુભ શેષ રે’શે,
સુધાશ્રુ સૌ સહૃદયે હૃદયે વહેશે.

૭. વસ્ત્ર— **મંડપ.**

(પિલુ અથવા તો-સિંહાનો કનરો.)

સ્થળસ્થળ શોભે મંડપ છાઈ;
મંડપ મંડપ ભક્તિ છવાઈ—સ્થળ સ્થળ.

રંગિત નવ પલ્લવ નવ સ્તંભે;
નવ પલ્લવ તોરણુ લટકાઇ—સ્થળ સ્થળ.
ફર ફર ફરકે વિવિધ પતાકા;
હાંડી ઝુમ્મર રહે લળકાઇ—સ્થળ સ્થળ.
વિધવિધ કુસુમો કારીગરીથી;
હારરૂપે ગુચ્છરૂપે ગુંથાઇ—સ્થળ સ્થળ.
વિધવિધ વસ્ત્ર વિધવિધ લિપિ;
વિધવિધ વર્ણો રહ્યા ગુણ ગાઇ—સ્થળ સ્થળ.
આશિષ અમૂલે અક્ષર આપી;
અંતર બ્હાર રહ્યું ઉભરાઈ—સ્થળ સ્થળ.
વિધવિધ તાને વિધવિધ ગાને;
ચૈતન્યમૂર્ત્તિ બન્યા બદલાઇ—સ્થળ સ્થળ.

૮. ઉપવીત— પ્રભાત.

બિભાસ.

જાગોની બાલુડાં વા'લાં જનની જગાડે;
જનની જગાડે લાડીલાંને હિંદ લાડે—ટેક.
અરૂણાભિષેક થાતાં પૂર્વે પ્રભાતી;
હૃદય હૃદયપદ્મ ઉદયે રમાડે—જાગોની.
પ્રકટે આનંદપ્રભા અરૂણી ઉષાએ;
પ્રભા આ ઘટાડી કાળી નિશાને મટાડે—જાગોની.

મંગલ સમાના મોંઘા મંગલ પ્રભાતે;
પ્રભુ રાજભક્તિ કરો પ્રેમપાઠ પાઠે—જાગોની.
રાજવિદ્યા કાજ કાજે ઉપવીત અંગે;
ધરો હક હિસ્સો આપે મહારાજ લાડે—જાગોની.
ડગલે ડગલે વધી ગતિ રાજશ્રીમાં;
વિહારી વયસ્થ થશો શિશુતા વિતાડે—જાગોની.

૯. ગંધ- અભિષેક-ઉમંગ[1]

(શું નટવર વસંત થેઇ થેઇ નાચી રહ્યો.–એ રાગ)

શું ઉમંગ અનંગ રંગ રેલી રહ્યો;
રેલી રહ્યો રસ રેલાવી રહ્યો- શું ઉમંગ.

સાખી—લક્ષ્મીપતિના લાડથી, ખીલી અંગે અંગ;
અનંગ નૌતમ રંગથી, વાહ બન્યો નવરંગ.
કુટિલ દૃષ્ટિથી જુએ અવર [2] કુકામિની,
કાળજે કટાક્ષ બાણ મેલી રહ્યો--શું ઉમંગ.

સાખી—દૈવયોગથી દૂર બહુ, પોષાયો પરઘેર;
રતિથી રતિ વિણ ત્યાં જઈ, આવ્યો છે રતિભેર.
રતિભેર રહી પરઘેર ઝરમર મુકયાં’તાં,

---

૧. દ્વિઅર્થી–બીજો અર્થ દ્વારકામાં પાછા ફરેલ પ્રદ્યુમ્નને લાગુ પડે છે. ૨. પરદેશ.–પરભૂમિરૂપ સ્ત્રી; બીજી હલકી સ્ત્રી.

ચિત્ત પુણ્યભૂમિનાં[3] જન ચિંતવન ચુકયાં'તાં.

સાખી—[4]જનની નવરૂપ જોઇને, હૈડામાં હરખાય,
લક્ષ્મી રેલમછેલ થઇ, અધિક અધિક ઉભરાય;
શ્રીપતિ વિહારીના અપાર આ વિહારમાં,
લાલને લાલિત્ય લાલ ભેળી રહ્યા-શું ઉમંગ.

૧૦. પુષ્પ— **આશાપુષ્પ.**

શીખરિણી.

ચડી આશા કોટે, નવીન ગઢ ને ઘાટ ઘડતાં,
ચડી ટોચે તેની, વળી ફરી ફરી ત્યાંથી પડતાં;
નિરાશાની ખોમાં, રખડી રવડી અંધ રડતાં,
અમી પીધેલીના, અચળ શિખરે તોય ચડતાં.
મહામાયા રૂપે, અઘટ ઘટના તેં કરી દીધી,
અવિદ્યા રૂપે તેં, અકલમહિં અંધાધુંની કીધી;
બની વિદ્યારૂપે, રસિક જન વૈરાગી કરીયો,
ન તોયે માયાનો, મધુર મધુરી મોહ મટીયો.
બી આશાનું બોયું, અકલિત ઉલાસે હૃદયથી,
રસે રંગે ભક્તિ-પીયૂષ જળ સીંચ્યું હરખથી;
અમારી આ ભક્તિ, સકળ થઇ સિદ્ધિ ભરી જતી,
અમારી આ આશા, અમર થઈ વૃદ્ધિ કરી જતી.

૩ હિંદભૂમિ; દ્વારકાં. ૪. હિંદ; રૂકિમણી.

નવા રંગે આવી, હરખ કરી બોલાવી તુજને,
નવા રંગે વાવી, નવીન ફળ ઇચ્છા સરવને;
નવા રંગે ફૂલી, સુમન સુરભિથી પ્રસરજે,
નવા રંગે ફાલી, નવલ ફળ શ્રીયુક્ત ફળજે.

૧૧. ધૂપ— ઢંઢેરો.

દરબારી કનરો.

વર વચન વાસ વિસ્તારી (૨)

પ્રસરતી મનહર હર્ષિત કરતી નગર નગર નરનારી—ટેક.
દિલ્હી દરબારે સ્વવદનથી નવ વાત્સલ્ય વધારી;
મૃદુ મૃદુ પણ મોંઘાં માયાળુ મધુર વચન ઉચ્ચારી—વર.
હિંદભૂમિને અનુપમ ઘુમટ વધુ જયઘોષ વધારી;
ગામો ગામ ગજવી મૂક્યાં પડ પડછંદે ભારી—વર.
શશિ[૧] રવિ[૧] નવ[૯] અવનિની[૧] સમા[*] અવિચળ રે'શે સંભારી;
ઢંઢેરાના શબ્દો હિંદી પળવા ફળવા ધારી—વર.
દિલ્હી નગરી ડીસેમ્બરની બારમી તારીખ તારી;
બહુ તોપોના બ્હારે બ્હારે બ્હારે બ્હાર પ્રસારી—વર.
પ્રિય વડવાને પગલે પગલે વાસ વધુ વિસ્તારી,
વાત્સલ્ય વચન સુવાસિત વાસ વિસરશે શે ન વિહારી—વર.

---

* "યાવત્ચંદ્રદિવાકરૌ" અથવા ચંદ્ર, સૂર્ય, નવનો આંકડો (જેમાં વૃદ્ધિ ઘટાડા થતાં નથી) અને પૃથ્વીની જેવા (અચળ.) બીજે અર્થે-૧૯૧૧ની સાલ.

૧૨. દીપ— રોશની.

કલ્યાણ—(આજ છે આનંદ—રાહ.)

દિવાળી દિવ્ય દીપ માળે દીપતી,
ઉતર્યા અવનિ રવિ રજનીપતિ—દિવાળી.
વિધ વિધ વિચિત્ર વાયુ વિદ્યુતથી,
વિધ વિધ પ્રકાર વિવિધ દીપથી—દિવાળી.
હાંડી ઝુમ્મર ગ્લાસ અક્ષરે ભાસતી,
આરકાંથી અમોઘ આશિષ આપતી—દિવાળી.
લક્ષ કોટિ રત્ન વિવિધ હારથી,
યક્ષપૂરી પેઠ નગરી પ્રકાશતી—દિવાળી.
લક્ષ લીલા લીલમે લીલી લાગતી,
લાલ લાલીવાળી લાલ લલિતથી—દિવાળી.
નીલ નીલમે પોખરાજે પીળી થતી,
રત્નાકરઋદ્ધિ પ્રભા પ્રકટાવતી—દિવાળી.
રાજભક્તિ સમુદ્રરૂપે રેલતી,
રત્નદીપ પ્રભા ઘરોઘર ફેલતી—દિવાળી.
ફેલતી પ્રતિબિંબ સ્વચ્છે પાડતી,
મન મંદીર મંદીર ભક્તિ રાજતી—દિવાળી.

૧૩. નૈવેદ્ય— ચૌદરત્ન.[1]

શાર્દૂલવિક્રીડિત.

લક્ષ્મી સો જનહિત કાર્ય કરવા કોટિરૂપે કોષમાં,
તેજસ્વી નીજ તાજ તેજ વધવા **કૌસ્તુભ** કિરીટમાં;
રાજ્યે મંગલ પાર્લમેન્ટ **સુરભિ** ઇચ્છયું જને આપવા,
શ્રી રત્નાકર રત્ન ચૌદ દઇને સંતોષજો સર્વદા.
મુખેને કરમાં **અમી** સુવચનો ઉચ્ચારવા પામવા,
પારિજાતક દિવ્ય બાગ બગીચે સુગંધ વિસ્તારવા;
સ્વારી માટ **ગજેંદ્ર** યાન ભુવને **ઉચ્ચશ્રવા** સંગમાં,
શ્રી રત્નાકર રત્ન ચૌદ દઇને સંતોષજો સર્વદા.
થાવા રોગ વિનાશ ઔષધ સ્થળે **ધન્વંતરિ** રાજ્યમાં,
કાંતિ શાંતિ નિભાવવા શીતલતા મુખે ચિતે **ચંદ્રમા**;
લેવા હર્ષ વિનોદ નૃત્યભૂમિમાં **રંભાદિ** દેવાંગના,
શ્રી રત્નાકર રત્ન ચૌદ દઇને સંતોષજો સર્વદા.
શક્તિરૂપ **ધનુષ્ય** શસ્ત્ર સઉમાં નૌકાભૂમિ સૈન્યમાં,
ત્રિનેમિ જય નાદમાં વિજયના ઉમંગના રંગમાં;
સુરા ને વિષ શત્રુ આમય મહીં અંગે નહિ આપદા,
શ્રી રત્નાકર રત્ન ચૌદ દઇને સંતોષજો સર્વદા.

---

૧. लक्ष्मीः कौस्तुभ पारिजातकसुरा धन्वन्तरिश्चन्द्रमाः ।
धेनुः कामदुघा सुरेश्वरगजो रंभादि देवांगना ॥
अश्वः सप्तमुखो विषं हरिधनुः शंखोमृतश्चाम्बुधेः ।
रत्नानीति चतुर्दश प्रतिदिनं कुर्वन्तु नो मंगलम् ॥

૧૪. આરતી— રાજગીત[1]

રાગ[2]—આરતિનો (અથવા તો—કલ્યાણની ઢબે. અંગ્રેજી રાહ.)

રક્ષ રક્ષ વિભુરાય, કરૂણાળુ રાજા—(પ્રભુ કરૂણાળુ.)
દીર્ઘાયુષી રહો અમ (૨) પ્રૌઢ મહારાજા—રક્ષ રક્ષ.
વિજયવંત યશવંત, સુખી સદા કાળે—(પ્રભુ સુખી.)
રહેતાં અમપર એનું (૨) રાજ્ય દીર્ઘ ચાલે—રક્ષ રક્ષ.
તુજ ઉત્તમ બક્ષીસ, ગંજેને ગંજે—(પ્રભુ ગંજે.)
એનાપર વરસાવા (૨) દેવ કૃપા કરજે—રક્ષ રક્ષ.
દીર્ઘ સમય આ રાજ્ય, તેઓનું ચાલે—(પ્રભુ તેઓ.)
તેહ અમારા ધારા (૨) પોષે ને પાળે—રક્ષ રક્ષ.
વળી દે નિત્ય પ્રસંગ, વિહારી આવા—(પ્રભુ વિહારી.)
ઉંચ સ્વરે પૂર [illegible]રે (૨) એ અમને ગાવા—રક્ષ રક્ષ.×

---

૧ National Anthem (Henry Carey)નું ભાષાંતર

૨ જયદેવ જયદેવ એ આરતીનો અથવા—પ્રભુ બચાવ તું અમારી—એ અંગ્રેજી રાહમાં બોલાય છે.

× આ રાજગીતને મિ. તાલીઆરખાન તરફથી જાહેર થયલા ઇનામને લાયેક ગણી ૨૫ રૂપિઆનું ઇનામ આપવામાં આવ્યું હતું.

૧૫. પ્રદક્ષિણા— કલકત્તા.

(પ્યારા મારા અહો ચાંપરાજ,–એ રાગ.)

પાટનગરમાં ફરી પરિક્રમા.

પ્રસ્થાન પુણ્ય પૂર્ણ પુણ્યભૂમિનું થવા–ટેક.
હિંદ કિરીટનું કિરીટ ભૂત કલકત્તા જંગી શહેર,
બાદશાહી દંપતીએ શુભ પગલાં કરીને કરી મે'ર–પાટ.
વિદ્યા કેળવણી બાળકથી પામે અતિ આહ્લાદ,
યુનિવાસટી માનપત્ર આપી આપે એ યાદ–પાટ.
સુવર્ણતુલા **શહેનશાહીદંપતીની** મોંઘે મૂલ,
અતૂલ અમૂલ્ય છતાં રૈયત કરતી ધરી ભાવ અતૂલ–પાટ.
નવી સાલની મુબારકીનું આપીને સન્માન,
લશ્કર કવાયત કૌવતનું કલકત્તા ધારે માન–પાટ.
હૃદયનિધિ વિજય વિવિધ સ્થળ વસી કરતાં વિહાર,
સરસ્વતી શ્રી શક્તિ દેવી કરે સાથ સત્કાર–પાટ.

૧૬. ઉદ્વાસન– વળતી સફર.

(અબ ચલે (૨) ન મોહન તેરા,–એ રાગ.)

આપે (૨) આશિષ આભારી, જય જય જય વિજય ઉચ્ચારી,
હો સફળ સફર સુખકારી, અંતર આશિષ અમારી,
દિલમાં દિલસોજી ધારી,
હક વચનોને વિસ્તારી,

કીધાં હિંદી આભારી–
કેમ વિસરાય, હૃદય છલકાય, ભક્તિથી ભારી–જય જય.
આમય અરિપર ધરી દાંતિ,
સૌ કુટુંબમાં સુખ શાંતિ,
દીર્ઘાયુષ કીર્તિ કાંતિ–
વિભુ તું વધાર, વિજય જયકાર, સ્તુતિ સ્વીકારી–જય જય.
ઉંચે સૂરે પૂર હુરે,
થ્રી ચિયર્સ હિપ્ હિપ્ હુર્રે,
હિપ્હિપ્ હુર્રે, હિપ્હિપ્ હુર્રે–
જ્યૉર્જ મહારાજ, **રાણીશ્રી** કાજ, શ્રીમંગલકારી–જય જય.
પ્રેમાશ્રુ પૂરિત નયનથી,
જોઇ હર્ષથી પુલકિત તનથી,
વળી વળી વિકસિત વદનથી.
મંગલમય જય, વદે જય વિજય, વિજય **વિહારી**–જય જય.

વિહારી.

૫

બ્રીટીશ રાજ્યનો રાજસૂયયજ્ઞ.

વસંતતિલકા.

જે યજ્ઞથી નિજ પિતા સ્વર્ગે બિરાજ્યા,
તે યજ્ઞ પાંડવ કરી વર કીર્તિ પામ્યા;

તેવો થયો નવિન રાજસૂ યજ્ઞ આજે,
રાજેન્દ્ર **જયોર્જ** અતિ ઉત્તમતાથી રાજે. ૧
શ્રી કૃષ્ણને વર યુધિષ્ઠિર રાજ મોટા.
શ્રી જયોર્જના સ્વરૂપમાં દ્વય રૂપ મોટા;
આવી સહુ ભરતખંડ તણા નરેશ,
પૂજે નમે નરપતિ ગણી ઇંદ્ર ઇશ. ૨

વંશસ્થ.

વહ્યું પ્રભુના કરથી સુદર્શન,
પ્રકાશી રે' તું અરિ-ગર્વ-મર્દન;
તથા નરેન્દ્ર-સુમુખ શ્રી વાચન,
ગવાઇ રે' તું સઘળે સુકીર્તન. ૩

વસન્તતિલકા.

આચાર્ય વ્યાસ પ્રભુને વળી ધૌમ્ય જેવા,
આમાત્ય કુ નિપુણ હાર્ડીંજ આદિ જેવા;
આ યજ્ઞમાં નરપતિ પ્રભું શું પૂજાયા,
શોભા થઇ અધિક હર્ષ ઉરે ન માયા. ૪
મોટી સભા રચી હતી મયદાનવે જે,

---

૪ જેમ શ્રીકૃષ્ણનું સુદર્શન તે શિશુપાળને મારનાર હતું તેમ અત્રે રાજેન્દ્રના શ્રીમુખથી નીકળેલ સુવચનો રૂપી ઢંઢેરાયે તેના ફીતુ-રેનો એકદમ નાશ કરી નાંખ્યો.

તેવું વિચિત્ર અતિ ઉત્તમ કાર્ય આજે;
દિલ્હી તણા પુર વિશે બહુ ભવ્ય દેશે,
શોભા કરી ગરવ જ્યાં ગળતા અતિશે. ૫

ઉપજાતિ.

જ્યાં પાંડવે દાન ઘણુંય દીધાં,
તેવાં નૃપે દાન ઘણુંય દીધાં;
સૃષ્ટિમહીં ગુણ રૂડા ગણાય,
શ્રી તાત મ્હાલે સુખ સ્વર્ગ માંય. ૬
થયો રૂડો ગંભીર વ્યોમનાદ,
ટળી જશે રાજ તણો વિષાદ;
અનન્ત રે'શે વર આંગ્લરાજ,
સર્વોપરિ સંપતિયુક્ત તાજ. ૭
પ્રભુ થયા છે પરિપૂર્ણ રાજી,
અખંડ રેશે નૃપ આ બિરાજી;
શ્રીકૃષ્ણના પ્રેમતણા પ્રતાપે,
રાજા અને રાણીનું યુગ્મ ઓપે.

(સુદર્શન) ભાઈશંકર કુબેરજી શુક્લ.

---

૬ જેમ પાંડવનો યજ્ઞ પુરો થયે આકાશમાં દુંદુભિ વાગ્યાં હતાં અને ગેબી નાદ થયો હતો તેમ આ મહાન્ યજ્ઞ પુરો થયે સર્વ પ્રેમી હૃદયરૂપી આકાશમાંથી ગંભીર આશિર્વાદાત્મક નાદ વછે છે.

૬

અંગ્રેજી રાહ.

નૃપ વધાવો, નૃપ વધાવો, સિંહાસન શોભાવ્યું આજ;
હર્ષે મા'લી, તાળે ચાલી, કહે ઘણું જીવો મહારાજ--નૃપ.
ધન્ય દિવસ તારીખ બારમી, વાર ભોમ એકાદશ સાલ;
ધન્ય અમારા જ્યૉર્જ પાંચમા, હિંદમાળના છો પ્રતિપાળ—નપ.
અખંડ અમલ રહો ખંડ ખંડમાં, શાંતિ વરસો ચારે પાસ;
રાજ અમલ રહો આવું રૂડું, શત્રુનો થઇ જાઓ નાશ—નપ.
કેવા શોભે રાજ અમારા, જોતાં હૈડાં છલકાઈ જાય;
હર્ષે હાલી ચાલી કૂદી, રાજતણા ગુણો સૌ ગાય--નૃપ.
આપ અમારા નવીન નાથને, દીર્ઘાયુ રાખો પરમેશ;
રિદ્ધિ સિદ્ધ બુદ્ધિ વધજો, વિનતિ અમારી છે વિશ્વેશ—નૃપ.
(ગુ. શા. પત્ર) મોહનલાલ પુરૂષોત્તમ ઠક્કર.

૭

અનુષ્ટુપ્—

જેના રાજ્ય તણો ભાનુ, આથમે કદીએ નહિ;
વ્યાપે સામ્રાજ્ય શાંતિનું, લક્ષ્મી વિદ્યા વસી જહીં.
ગારવથી ભરેલું ને, ઇતિહાસે પ્રસિદ્ધ જે;
આંગ્લ રાજ્યતણા નેતા, જ્યૉર્જ શ્રી જયશ્રી વરે.
પ્રજા મારી સુખી દુઃખી? પેખવી નજરે નકી;
રૂડી એ ભાવના જેના, હૈયામાં ઉભરી રહી.

હરિગીત—

પ્રીતે પધાર્યા હિંદને ઉન્નત શિખરપર લાવવા;
મૌક્તિક કુમકુમ થાળ ભરીને હોંસથી આરાધીઆ.
અમ રાજ્યભક્ત પ્રજા મુખેથી, વેણ એ નીકળી પડયું:—
"મહારાજ પંચમ જ્યૉર્જ દેવી મૅરીસહ જીવો ઘણું."

(પટેલબન્ધુ.) કુંવરજી વિઠ્ઠલભાઇ મહેતા.

૭

(શી શોભા ને શો સાજ, જગતના રાજ,—એ રાગ.

શો આજ વધ્યો ઉમંગ, ઉડતો રંગ પુષ્પ વરસે છે, (૨)
આ સ્વસ્તિક ઠામેઠામ, સૃષ્ટિ હરખે છે;
આ ઓગણીસેં અગીઆર, રૂડી છે સાલ, રાજને નિરખ્યા,
ડીસેંબર તારીખ બાર, હિંદજન હરખ્યા.
સૌ મંત્રી તંત્રી પ્રજા, રાજની ધજા, નીરખીને નમતા (૨)
લે રાજદંડ મહારાજ, પ્રજા હિતકર્તા.

ઝૂલ—આ સોનેરી છે દિન, હૃદયમાં રે'શે,
આ તપો પ્રતાપી રાજ લોક ઉચ્ચરશે;
સહુ વદો પ્રેમથી સાથ આપણો આજે,
આ રાજચિહ્‌ન હંમેશ, હિંદ પર છાજે.

રહો અચળ એમનું રાજ, સદા શિરતાજ, અમારા એ છે (૨)
રહો અમર જ્યૉર્જ મહારાજ, એમ સહુ કે' છે—શો.

બહુ શાંત કરે શશિ જેમ, જગતમાં તેમ, શાંતિને થાપો (૨)
વળી સૂર્ય સમું મળી તેજ, દુખડાં કાપો.
છે માન્યમતિ મહારાજ, અમારી દાઝ અતિશે જાણે (૨)
શત્રુની કંપે કાય, નાથને નામે.

ઝુલ— લો લ્હાવો આ લૂંટાય, સમય છે સારો,
દીર્ઘાયુ પંચમ જ્યોર્જ એમ ઉચ્ચારો:
સંપત્તિ સંતતિ સાથ વિજયો વરજો,
તમ ધન્ય હિંદના રાજ બાળ સૌ વદજો.

છે ચક્રવર્તિ મહારાજ, સુધર્યાં કાજ, હિંદ હરખે છે (૨)
સૌ દુઃખો કરશે દૂર, ભાગ્ય ચળકે છે—શો. (૨)
ઉભરાયો છે આનંદ, ઇશ માગંત, આપની પાસે (૨)
આ શાંતિદાઈ રાજ, વિશુદ્ધ પ્રકાશે.
બિરાજ્યા સિંહાસન, હરખે છે મન, અપ્સરા નાચે (૨)
શું શિર પર મેઘાડંબર સુંદર છાજે.

ઝુલ— પ્રભુ! રિદ્ધિ સિદ્ધિ, બુદ્ધિ સઘળી આપો,
આ ધર્મરાજનાં સંકટ સઘળાં કાપો;
એમ કુદી કુદીને વદે હિંદનાં બાળો,
તમ સુખી રહો મહારાજ ન્યાયથી પાળો.

(ગુજરાતશાળાપત્ર) **મોહનલાલ પુરૂષોત્તમ ઠક્કર.**

૮

वर्तमानरंग.

રાજગીત*

૧

(મહોલે પધારો મહારાજ !–એ રાગ)

ભલે પધાર્યા મહારાજ ! હિન્દુસ્તાન ભલે પધાર્યા;
હિન્દતણાં મહાભાગ્ય ! રાજારાણી ભલે પધાર્યાં;
થાળ ભરી છે મોતીએ, સુવર્ણઝારી હાથ;
રત્નહાર આરોપીને, હર્ષે વધાવજો પૃથ્વીનાથ–હિન્દુ૦
ભાગ્યવંત ભૂમિપતિ, હિન્દતણા શિરતાજ,
હર્ષે લો ઓવારણાં, વિનવી વિનવીને જગરાજ–હિન્દુ.
ઇંગ્લેંડ તાજ શિરે ધરી, દિલ્હી પધાર્યા રાય,
પ્હેલું પગલું હિન્દમાં, તાજપોષી એ રાજનું થાય–હિન્દુ.
જ્યૉર્જ પાંચમા વીર નૃપ, નિર્ભય છે એ નરેશ,
દિલ્હી તખ્ત દિપાવવા, આવ્યાં રાય રાણી પોતે એહ--હિન્દુ.
અચળ રાજ્ય આ હિન્દમાં, ભોગવજો ભૂપાળ,
મેરી રાણીને જ્યૉર્જશ્રી આનન્દમાં ગાળજો કાળ--હિન્દુ.
રક્ષો રાજ્યાધીશને, આવ્યા હિન્દુસ્તાન,
હરિકૃપા શિર ઉતરો, પામજો સુખ સન્માન--હિન્દુ.

---

* આ રાજગીતને મી. તાલીબારખાન તરફથી જાહેર કરેલા ઇનામને યોગ્ય જે રાજગીતો ગણવામાં આવ્યાં છે તેમાંના પહેલા વર્ગમાં મૂકી પચાસ રૂપીઆનું ઇનામ આપવામાં આવ્યું છે.

૨

(પુનેમ ચાંદની ખીલી—એ રાગ)

સુન્દર દિવસ આ શુભ રળિઆમણોરે,
ભલે પધાર્યાં શ્રીરાણીને રાય,
તાજપોષી એ શ્રી હિન્દુસ્તાનમાંરે.
સહુ ઉચ્ચારો મુખેથી આશીષનેરે,
રાણી રાયતણું અખંડ આયુષ્ય,
તાજપોષી એ શ્રી હિન્દુસ્તાનમાંરે.
જેવી ચન્દ્રકળા વધી, થાય ઉજળી રાત;
વંશવૃદ્ધિ તેવી હજો, અવિચળ રહેજો તાજ.
હજો ચઢતી કળા ધ્રુવની સમીરે,
યશકીર્તિ હજો અચળ રાજન્! તાજ.
દીર્ઘાયુષ ભોગવો ચક્રવર્તી મહારાજ!
હુન્નરને ઉદ્યોગ સૌ નવીન રહો આબાદ.
રાય રાણી દીર્ઘાયુષે યશ વધાર જોરે,
સહુ દેવો ગાય આકાશે આશીષ. તાજ.
લલાટ યશનો ચાંદલો, શુભ ગુણનાજ શુકન,
કુસુમમાળ કીર્તિતણી, શીયળ ભૂષણુ અનન્ત.
કળા, ઉદ્યોગને લક્ષ્મી રહી વાસો કરીરે,
જેમ કુબેરી ભંડારે ઈશ સ્હાય. તાજ.
પવિત્ર રાજકુટુમ્બનાં, પગલાં હિન્દુસ્તાન,
હર્ષે હિન્દ વધાવજો, ગાઈ સુન્દર ગાન.
જેમ શોભી રહ્યું તારાથી આકાશેરે,
હરિસુખ તેવું શોભે હિન્દુસ્તાન. તાજ.

(સુંદરીસુબોધ.) સૌ. હરિસુખગૌરી.

૯

જ્યૉર્જની જાહોજલાલી.

(માણીગર મહોલે પધારો–એ રાગ)

શ્રી પાંચમા શહેનશાહ, જ્યૉર્જની જાહોજલાલી;
દિલ્હીમાં ભરી દરબાર, ભૂપતિઓ સમીપે ઉજાળી.
વરસ, માસ, દિન, વાર, પળ, એ સર્વે સુખરૂપ;
રાજ્યાસન પર આવતા, ભડ ગ્રેટબ્રિટનના ભૂપ;
જ્યૉર્જની જાહોજલાલી, દિલ્હીમાં....................૧

ઉત્સવ આવ્યો અતિ ઘણો, આજ અમારે અંગ;
કુળદીપકનૃપ આપનો, જોઈ રાજ્યારૂઢનો પ્રસંગ;
જ્યૉર્જની જાહોજલાલી, દિલ્હીમાં....................૨

પ્રેમે લખી કંકોતરી, મોકલી ગામે ગામ;
દેશોદેશના ભૂપતિ, ઘણા તેડાવ્યા નિજ ધામ;
જ્યૉર્જની જાહોજલાલી, દિલ્હીમાં....................૩

રાજકુમારો રાજ્યના, મુસદ્દીઓ ને અમીર;
શ્રીમંત શેઠો નોતર્યા, કાજુ કુલિન શાણા વીર;
જ્યૉર્જની જાહોજલાલી, દિલ્હીમાં....................૪

મંગળ રચીઓ માંડવો, મંગળ પળ મોઝાર;
હાંડી ઝુમ્મર ઝલતાં, દીપમાળા દીપે હારોહાર;
જ્યૉર્જની જાહોજલાલી, દિલ્હીમાં....................૫

બેઠક બહુ શોભિત કરી, સંમુખ રાજ્યાસન;
શી ખામી હોય તેહને, જેને પરમેશ્વર છે પ્રસન્ન;
જ્યૉર્જની જાહોજલાલી, દિલ્હીમાં.....................૬

પુરાતની રીતે ધર્યા, રાજ્યમુકૂટ ભલી ભાત;
દિલ્હીનો આ દિવસ તો, આખી પૃથ્વીમાં પ્રખ્યાત;
જ્યૉર્જની જાહોજલાલી, દિલ્હીમાં.....................૭

તારામંડળમાં શશિ, દેવોમાંહી સુરેશ;
તેમ સભામાં શોભતા, શાણા ગ્રેટબ્રિટનના નરેશ;
જ્યૉર્જની જાહોજલાલી, દિલ્હીમાં.....................૮

કવિ કોવિદ કવિતા કહે, ઉર વાધે ઉચ્છંગ;
વાજા વિધ વિધ ભાતનાં, જણાવે છે અધિક આનંદ;
જ્યૉર્જની જાહોજલાલી, દિલ્હીમાં.....................૯

હર્ખ્યો હિંદુસ્તાન બહુ, પ્રસર્યો આનંદપૂર;
બાળ, વૃદ્ધ, નર, નારીને, વાધ્યો ઉમંગ અતિશય ઉર;
જ્યૉર્જની જાહોજલાલી, દિલ્હીમાં.....................૧૦

દેશી રાજાઓ સહુ, હ્રુદય થઈ રળિયાત;
ધર્મ પોતાનો ધારીને, ભાવે ભેટ ધરે ભલીભાત;
જ્યૉર્જની જાહોજલાલી, દિલ્હીમાં.....................૧૧

ઉમાદત્ત ઉમંગથી, આશિષ દે આ વાર;
શહેનશાહત શ્રી જ્યૉર્જનો થાજો જગમાં જયજયકાર;
જ્યૉર્જની જાહોજલાલી, દિલ્હીમાં.................. ૧૨

(નાગરવિજય) ઉમીયાશંકર ખુશાલરાય.

૧૦

કન્યાશાળા માટે.

(રઘુપતિ રામ હ્રદેમાં રહેજોરે—એ રાહે)

પ્રથમ ગણપતિને લાગું પાયરે,
સરસ્વતીમા કરજો સહાયરે;
ગરબો પ્રેમથકી તો ગવાય,
ઘણું જીવો જ્યોર્જ પાંચમા રાજારે. ૧.

સખી માગશર માસ ભલે આવ્યોરે,
વદિ સાતમ મંગળવાર કહાવ્યોરે;
આજે આનંદનો દિન લાવ્યો,—ઘણું જીવો. ૨.

દેશોદેશના નૃપતિ આવ્યારે,
સાથે અશ્વ ને ગજ રૂડા લાવ્યારે;
સોનેરી તંબુ ચોક શોભાવ્યા,—ઘણું જીવો. ૩.

આવ્યા નૃપેન્દ્ર જ્યોર્જ મહારાજારે,
જેની માને રૈયત ઘણી માઝારે;
જેના સુજશ નવે ખંડ ઝાઝા,—ઘણું જીવો. ૪.

દિલ્હી શહેર શોભા બની સારીરે,
શોભે મહારાજાની સ્વારીરે;
ઘણા હેતે જુએ નરનારી,—ઘણું જીવો. ૫.

સખી આજે આનંદની હેલીરે,
પૂર્યા સાથીઆ કુમકુમ શેરીરે;
દિવ્ય મૂર્તિ દીપે દેવી મૅરી,—ઘણું જીવો. ૬.

મહારાણી મૅરી, જ્યોર્જ રાજારે,
દિલ્હી તખ્તે શુભ જોગ બિરાજ્યારે;
સુજશ ડંકા વાગે વિવિધ વાજાં,—ઘણું જીવો. ૭.

રૂડા બ્રિટિશનેજાઓ ફરકેરે,
રાજ્યભક્તોનાં મન ઘણાં હરખેરે;
જેથી અરિ ફાટી મરે ફડકે,—ઘણું જીવો. ૮.

આજે થઇ છે પ્રજા ઘણી રાજીરે,
કીધી રોશની આતશબાજીરે;
મહારાજાની જય બોલે ગાજી,—ઘણું જીવો. ૯.

દીર્ઘાયુષ્ય ભોગવો મહારાજારે,
પુત્રપૌત્રાદિક પરિવાર ઝાઝારે;
અચળ તાજ રહો શીર તાજા,—ઘણું જીવો. ૧૦.

પ્રભુ જ્યૉર્જનું રક્ષણ કરજોરે,
અરિદળને સઘ સંહરજોરે;
એમ અરજી વિભુ ઉર ધરજો,-ઘણું જીવો. ૧૧.

(ગુ. શા. પત્ર) અમથાલાલ બહેચરજી બારોટ.

૧૧

(પુનમ ચાંદની ખીલી પૂરી અહીંરે—એ રાગ)

સુણો સજ્જનો આનંદેથી આ સમેરે,
અનુપમ ઉત્સવ છે આજે સઘળે ઠામ;
જ્યૉર્જ પાંચમા રાજેંદ્રકેરા રાજમાંરે. ટેક.

સાખી-જગદીશ્વરને વંદીએ, પૂરણ રાખી પ્રેમ;
ભાવસહિત કરીએ સ્તુતિ, સૌને રાખો ક્ષેમ.

રાખો રે'મ સાથે ક્ષેમ બ્રિટિશરાજ્યમાંરે,
જેથી શાંતિ સાથે સ્વધર્મ પાલન થાય, જ્યૉર્જ. ૧

સાખી-રાજનીતિ ચાલે રૂડી, હુન્નર વધે અનેક;
વડા પ્રધાનો દાખવે, અતિશય સ્નેહ વિવેક.

સ્નેહ વિવેકેથી વાધે સઘળે સન્મતિરે,
સત્ય સન્મતિએથી વફાદારી વરતાય, જ્યૉર્જ. ૨

સાખી-મંગલ વિધિ મંગલ દિને, મંગલ સ્થાને થાય;
રાજ્યારોહણ સમયનાં, મંગલ ગીતો ગાય.

મંગલ ગીતો ગાયે હોંશે હોંશે તાનમાંરે,
તાને કૂદે કોટિ બાલક લઇને ચાંદ, જ્યૉર્જ. ૩

સાખી–ધન્ય! સમય ને ધન્ય! નૃપ, ધન્ય! રાણી સૌભાગ્ય;
ધન્ય ! આર્ય સત્કારને, ધન્ય ! રાજસૂય યાગ.

રાજસૂય જેવો યાગ દિલ્હી શહેરમાંરે,
જેમાં શોભે બંકા દેશી નૃપ બહાદુર, જ્યૉર્જ. ૪

સાખી–હર્ષાર્ણવ છલકી જતાં, રેલાયું છે રાજ્ય;
લે'રે તરે અમીર સહુ, નૃપ કેસરી શિરતાજ.

તાજ આજ શોભે ઇંગ્લંડના ભૂપનોરે,
ઝળકે કોટિ કોહિનૂર જેવું જેનું તેજ, જ્યૉર્જ. ૫

સાખી–મહારાણી શ્રી મૅરી પણ, પધાર્યાં ધરી હર્ષ;
'હિંદ માત મૅરી' ગણી કરશે આર્યોત્કર્ષ.

સર્વે વત્સલતાએ વરદાનોને પાળશેરે,
કરશે યત્ન હિંદના હક–હિત માટે ખાસ, જ્યૉર્જ. ૬

સાખી–દિગ્વિજયી રાજેંદ્ર પણ, જે નથી પામ્યા લ્હાવ;
તે લ્હાવો આપે લીધો, દીધો ડંકે ઘાવ.

ડંકે ઘાવ દેતાં ઘોષ ઘૂમ્યો આકાશમાંરે,
વર્ષ્યો વારિદ વસુરૂપ લઈ દિલ્હી દરબાર, જ્યૉર્જ. ૭

સાખી—આશિષ ઉરથી આપીએ, સર્વે મળીને આજ,
'બહુ જીવો નૃપદંપતી, અચળ તપો આ રાજ.'
તપજો રાજ્ય અખંડિત સૂર્ય શશિ રે' ત્યાં લગી રે,
થાઓ આર્યોકેરી ઉન્નતિ આવાર, જ્યૉર્જ. ૮

સાખી—તારીખ બાર ડિસેંબરે, મંગલ મંગલવાર;
સન ઓગણીઅગ્યારમાં, વર્ત્યો જયજયકાર.
જયશ્રી ધર્મ સનનો યુગયુગ સૌ સંભારશે રે,
સ્નેહે સુણી હરખાશે દેવ માનવી પર્વ. જ્યૉર્જ. ૯

(સુદર્શન.) દેવશંકર વૈકુંઠજી ભટ્ટ.

૧૨

દોહરો.

અહો ભાગ્ય આ દેશનાં, શિરપર ધરવા તાજ;
આજ પધારે હિન્દમાં, ચક્રવર્તિ મહારાજ. ૧

હરિગીત.

મહારાજ આજ પધારતાં આનંદ મંગળ થાય છે,
ઘર ઘર વિષે સૌ હરખમાં આજે અહો! ઉચરાય છે;
છલકાય છે ઉર સર્વનાં—નરનારીનાં હોંસે અતિ,
આયુષ્ય દે, અતિ દીર્ઘ દે, સુખ દે પ્રભુ એ વિનતિ. ૨

દોહરો.

હે ! પ્રભુ તું આ જગતમાં, દે અધિકો આનંદ;
ચક્રવર્તિ મહારાજને, સદા કરો સુખવન્ત. ૩

હરિગીત.

આનંદ આપો સર્વને એ વિનતિ હું ઇશ્વર કરૂં,
અન્તઃકરણની લાગણીથી, આપ આગળ ઉચ્ચરૂં;
દેવાધિ એવા દેવ અમને અવિચળ સુખ આપશો,
શાંતિવિષે રહી સર્વદા સંકષ્ટ સૌનાં કાપશો. ૪

દોહરો.

સંકટ કાપી સર્વનાં, વર્તાવો જયકાર;
પ્રેમમગ્ન રૈયત બને, શહેનશાહ સુખકાર. ૫

હરિગીત.

સુખકાર સર્વે થાયને દુઃખ જાય દૂરે સર્વથા,
મતિમાન એ ગુણવાન ને વિદ્વાન ને ન્યાયી તથા;
નીતિમાન એવા નર બની રૈયત તણી સંભાળ લે,
આ ગરીબ હિંદુસ્તાનને હોંસે કરી સંભાળી લે. ૬

દોહરો.

સંભાળી લે હિન્દને, પાળે પુત્રની પેર;
મહારાણી વિકટોરિયા, ધન્ય ! સ્વર્ગ સુખલ્હેર. ૭

હરિગીત.

વિક્ટોરિયા મા'રાણીજીની બુદ્ધિ ને ઉદારતા,
આ વિશ્વમાં ગાજી રહી શ્રી એડ્વર્ડની પણ સદા;
જે ઉપકારો એમના રૈયતવિષે જામી ગયા,
તેથી સવાયા જામવા શ્રી જ્યૉર્જ પર કરશો મયા. ૮

દોહરો.

જશ વાધો આ જગતમાં, પામો અવિચળ માન,
કીર્તિ અખંડ ગજાવીને, શોભો દેવ સમાન. ૯

હરિગીત.

એ દેવના જેવી ધરે શોભા સદાએ અંગમાં,
કલ્યાણનાં કામો કરે હંમેશ રહી ઉચ્છૃંગમાં;
રૈયત તણા પાલક બની આ ખલકમાં ખેલે સદા,
ઈશ્વર કહું છું એટલું આપીશ નહિ કદી આપદા. ૧૦

દોહરો.

નવ આપે તું આપદા, રહો સુખી શીરતાજ;
કુટુંબ સાથે સર્વદા, એ માગું મહારાજ. ૧૧

હરિગીત.

મા'રાજ મારી વિનતિ આ ઉરમાં તમે હોંસે ધરો,
એ તાજના ઉજ્વળ પ્રતાપે તેજ અધિકું વાપરો;
સૌ બંડ, ટંટા ને ફિસાદો નામ સુણી નાસી જજો,
સર્વત્ર શાંતિ–શાંતિમાં આ દિવસ સૌ વર્ત્યા જજો. ૧૨

દોહરો.

આ શાંતિના દિવસો, સદા બનો સુખકાર;
મહારાજાના નામનો, થાઓ સદા જયકાર. ૧૩

હરિગીત.

જયકાર થાઓ જગતમાં મા'રાજના આ તાજનો,
ઉપકાર તો ભુલાય નહિ કિંચિત કદા આ રાજ્યનો;
સુખનાં બધાં સાધન દઇ આ હિંદને ઉદ્ધારવા,
કરજો મતિ ઈશ્વર તમે આ સમય છે સુખ પામવા. ૧૪

દોહરા.

સુખ પામે સૌ સર્વદા, હિન્દ ગરીબનવાજ;
તારા મધ્યે ચંદ્રમા, ત્યમ શોભો આ રાજ. ૧૫

હરિગીત.

આ રાજ્ય શોભે મંડળે આકાશમાં જયમ ચંદ્રમા,
ને અમલ એવો સજડ શોભે સૂર્યની જેવી પ્રભા;
સવિતાતણાં કિરણો સદા ફેલાય છે દિગન્તમાં,
તેવી રહો કીર્તિ સદા આ રાજ્યની શુભ શાંતિમાં. ૧૬

દોહરો.

બધાં રાજ્યમાં એમનું, શ્રેષ્ઠ ગણાયે રાજ;
વાધે ધન, યશ, શ્રીપતિ, કરશો એવાં કાજ. ૧૭

હરિગીત.

કરશો તમે પ્રભુજી સદા આ દેશનું સારૂં થવા,
અનુકૂળ આવા સમયમાં કે લાભ માંડયા પામવા;
રાજ્યાભિષકે આપણો આનન્દ ઉરમાં માય ના,
સૌ હર્ષથી જયકાર બોલો, દેવગણ યશ ગાય હા. ૧૮

દોહરો.

જશ ગાયે સૌ દેવતા, વરતાવે શુભ દૃષ્ટ;
જ્યૉર્જ મૅરી સહ પાંચનાં, સદા હરો સૌ કષ્ટ. ૧૯

હરિગીત.

મૅરી અમારાં રાજ્યમાતા, જ્યૉર્જ છે પિતા સમા,
રૈયત બધી આ પુત્ર સમ, સંપે રહો એ સર્વદા;
માતા પિતાનો પ્રેમ હંમેશાં રહો રૈયત પરે,
રૈયત કદી પણ અંતરેથી ગુણ નહિ ભૂલો અરે! ૨૦

દોહરો.

રાજ્યભક્તિનું સૂત્ર છે, પ્રેમભક્તિ ભરપૂર;
એક બીજાની સ્હાયમાં, પ્રેમ ભર્યું બહે ઉર. ૨૧

હરિગીત.

ગત સમય સૌ ભુલાવજો, ગાદીપતિ થાતાં નવા,
સારા સમયના વાય વાયુ આળસી જાજો કવા;
સૌ નવ નવીને ભાતભાતે ઉત્સવે દિવસો જવા,
આ વિનતિ મારી સાંભળી લ્યો ઉર વિષે હે! ઇશ્વરા. ૨૨

દોહરો.

હે ! ઇશ્વર, આ સાંભળી, લાવ દયા દિલ માંય;
ગાદીપતિ સુખીઆ થવા, અમી દૃષ્ટિ વરસાવ. ૨૩

હરિગીત.

અમીદૃષ્ટિથી પ્રભુ પોષજે, રૈયત અને રાજાતણાં,
સૌનાં કુટુંબો સુખમાં, સંતોષમાં પણુ ના મણા;
આનંદથી દિવસો ગુજારે પ્રેમમગ્ન બની બની,
ઈશ્વર સદા આબાદ રાખે સર્વને એ શ્રીપતિ. ૨૪

શિખરિણી.

મહારાજા કેરૂં અવિચળ તપો રાજ્ય જગમાં,
સદા આનંદોના દિવસ સઘળા જાઓ સુખમાં;
તમારી પાસે હું કરગરી કહું હે ! જગપતિ !
વધારો કીર્તિને–જુગ જુગ જીવો આ નરપતિ. ૨૫

(સુદર્શન) મહડાકર–નાગર.

૧૩

ભૈરવી (પરીમાં પડી એક તકરાર—એ રાહે.)

કરો 'જય' શબ્દ તણો ઉચ્ચાર,
રાજ્યારૂઢ થયા છે પંચમ જ્યૉર્જ પ્રજાપ્રતિપાળ,
થયો છે આનંદ આજ અપાર. ....કરો જય.

ધન્ય જુન મહિનાની તારીખ બાવીસમી ગુરુવાર,
સને ઓગણીસસેં અગીઆરે મળ્યો તાજ અધિકાર,
અવિચળ રહો રાજદરબાર. ... ...કરો જય.

અઢારસેં પાંસઠ સન જુનની તારીખ ત્રીજી શનિવાર,
જન્મદિવસ મંગળ સુખકર નૃપ જ્યોર્જ તણો નિરધાર,
ખરે તે ધન્ય! સમય ને વાર. ... ...કરો જય.

ઓગણીસસેં પાંચ તણો સન સ્મરણ કરો સુખકાર,
પ્રવાસ માટે જ્યોર્જ પધાર્યા હતા હિંદ મોઝાર,
હતા યુવરાજ પદે પ્રેમાળ. ... ...કરો જય.

મુસાફરી કરી પૂર્ણ થયા નિજ દેશ જવા તૈયાર,
હિંદકિનારે ઉભા રહી સિંચી વચનામૃતધાર,
જણાવ્યા અતિશય સ્તુત્ય વિચાર. ... ...કરો જય.

"જાતિ ધર્મના ભેદ તણો દૂર કરીને સર્વ વિચાર,
હિંદપ્રજાના હિત તરફ દીલ દોરીશું નિરધાર,"
હૃદયના છે ઉત્તમ ઉદ્‌ગાર. ... ...કરો જય.

ધન્ય! ભૂપના ચિત્ત વિષે છે પ્રજાપ્રેમ હદપાર,
વફાદાર સૌ અમે ઇચ્છીએ ઘણું જીવો સરકાર,
પ્રજાને પ્રાણસમી ગણનાર. ... ...કરો જય.

સદા રાખજે અનુપમ સુખમાં નૃપતિ ને પરિવાર,
નમ્ર વિનતિ તુજને કરીએ તે દીલ જગદાધાર,
પ્રભુ-સચરાચર-દીનદયાળ. ... ...કરો જય.

("ગુ. શા. પત્ર.") સાકરલાલ પુરુષોત્તમ શુક્લ.

૧૪

(આજ મેં નિહાળ્યો એક ચમત્કાર ભારી-એ ઢાળ).

જુગ જુગ જીવો તાજ ધરણુ રાજ શિર અમારે;
રાજ શિર અમારે, શિરતાજ શિર અમારે, ટેક.

હસ્તિનાપુર હિંદરાજ,
શ્રેષ્ઠ તાજ ધરણુ કાજ,
એક નૃપતિના નવાજ,
આજ તાજ ધારે... ... ...જુગ જુગ.

ધન્ય ! ધન્ય ! શાહેનશાહ,
જ્યૉર્જ પાંચમાની ચાહ,
રાજમાત મૅરી રાહ,
રોજની વધારે. ... ...જુગ જુગ.

મંગલમય શો ! પ્રભાત,
શ્રવણુ થતો હર્ષનાદ,

જય જય જય બાળસાદ,
તન મન જન ઠારે.... ...જુગ જુગ.

અચળ રહો રાજતાજ,
યુગલ જોડ જ્યૉર્જરાજ,
(જેમ) સૂર્ય ચંદ્રનો સમાજ,
જીવનજયોત સારે. ... ...જુગ જુગ.

(શ્રી ભક્ત.) ચંદુલાલ મોજીલાલ.

૧૫

ખમાચ-તાલ દ્રુપદ.

ધન્ય! ધન્ય! રાજન રાજ, પંચમ જ્યૉર્જ મહારાજ;
નૃપતિ શિરતાજ ધન્ય! ધન્ય! આજ દિનમાન. ધન્ય૦

સકળ જન પ્રતિપાળ, મહિપાળ ભૂપાળ;
જશ દશ દિશમાંહિ મસ મસ, ગાનતાન માનપાન. ધન્ય૦

અરિદલ દલિત ખલિત, ખલ જનતન શુદ્ધ સાન;
મહિપ દેશ દેશ ચરણુ, શરણુ તુંહી બુદ્ધિમાન. ધન્ય૦

ગૃહ કનિષ્ઠ નષ્ટ ઈષ્ટ-સાધ્ય, રિદ્ધિ સિદ્ધિ ખાન;
સકલ જગ ઉદ્ધારક વિભુ, નિત્ય નિત્ય રક્ષ પ્રાણુ. ધન્ય૦

સામ્યમૂર્તિ દિવ્ય કીર્તિ રતિ પતિ મતિ અતિ વખાણુ;
વિનયશીલ ધર્મશીલ, દાન માન બૃહતિ ધ્યાન. ધન્ય૦
જગધર ધર કર શિરપર, રક્ષ ધીર વીર સમાન;
વિવેક નેક ટેક એક સકળ દિપ્યમાન. ધન્ય૦
હિંદ અરવિંદ પ્રફુલ્લ, કળ સકળ હિત ભાખે ભાન;
અચલ અમર નીતિમાન, રાજ્ય રહો સદા સુજાન. ધન્ય૦
ઈન્દ્ર, ચન્દ્ર, રૂદ્ર, સર્વ દેવ દેવી સકળ સ્થાન;
રક્ષરાય પંચમ જ્યૉર્જ, વંશવૃદ્ધિ કર પ્રમાણુ. ધન્ય૦

ગીતિ.

જય જય દુંદુભિ વાજે, ગાજે ગનન ભૂતલ જય જય થાયે;
ભારતવર્ષ પ્રકાશે, આજે આનંદોત્સવ ઉજવાયે.
નર નારી બાળક તે, 'दीर्घायु भव' એમ નૃપતિ ન્હાયે,
રક્ષ વિભુ વર પ્રેમે, પંચમ જ્યૉર્જ ભારતજન ગાયે.

ડાહ્યાભાઈ રામચંદ્ર મહેતા.

૧૬.

લાવણી.

આ મહારાજાનો તાજ અવિચલ રે'જો
સુખ સંપત પ્રીતિ પ્રજા અધિકી દેજો.

એ કાર્ય કરે શુભ રીત અતિ આનંદે,
વિદ્યાવૃદ્ધિમાં સદા પાય શુભ માંડે.

હા ! પ્રભુજી પુરણ પ્રીત હમેશાં રાખો,
સૌ તનમનના સંતાપ દૂર કરી નાખો;
શુભ ચિન્તનમાંહે સમય બરાબર જાજો,
દુખિયાનાં દુઃખો દૂર થવા પ્રભુ ! ધાજો.

ધો સન્મતિ એવી ચિત્ત પુરણ સુખ પામે,
શુભ કીર્તિ વધો દશદિશ હર્ષ બહુ જામે;
હું વિનતિ કરૂં છું નાથ ! તમારી પાસે,
તવ કૃપા સદાએ રહો વૃદ્ધિની આશે.

શ્રી શાહેનશાહપદ ધરો સજોડે નિત્યે,
સૌ પ્રજા અતિ હરખાય રાયની પ્રીતે;
મુજ બન્ધુ હિન્દવાસીઓ કષ્ટ બહુ સે'છે,
આ ઇષ્ટપ્રતાપથી રાજ્ય દુઃખ ટાળે છે.

તે ધરીને પુરણ પ્યાર વા'લ દાખે છે,
એ વધતાં વધતાં ભાવ અતિ રાખે છે;
તે કરે સુધારા રોજ નવા જે થાતા,
હા ! ધરીને પુરણ પ્રીત ચિત્તમાં ચા'તા.

સંકટો ટળવા કરે અતિશે યત્નો,
નહિ ભૂલો એ ઉપકાર કદાપિ આર્યો;

ઇશ્વરની થઇ ગઇ મે'ર લે'ર આવે છે,
શુભ રત્નાકરની સદા અતિ ભાવે છે.
મુજ દેશ તણો ઉદ્ધાર હવે થાવાનો,
આ દૃષ્ટિમાં દેખાય કષ્ટ જાવાનો;
શુભ સમય પ્રભુજી કૃપા કરીને આપો,
આ હિન્દવાસીઓ તણાં કષ્ટ સા કાપો.

(સુદર્શન.) મહડાકર—નાગર.

૧૭

રાગ—કલ્યાણ.

જય જગત્પતિ, કર હિંદ ઉન્નતિ;
હિંદના નરેશ જ્યોર્જને, દે સંપતિ. ટેક.

તખ્ત દિલ્હીપર આવી બેસે, હિંદકેસરી આજ;
રાજા મહારાજા જન સઘળાનો મેળવી સમાજ. જય ૧

ન્યાય કળાને વિદ્યા હુન્નરમાં ચઢિયાતું હિંદ;
અંગ્રેજોનો અમલ સદાએ, અમર કરો ખાવિંદ. જય. ૨

દ્યો સુખશાન્તિ અમ રાજાને, ઘણી રિદ્ધને સિદ્ધ;
અમર વેલીસમ કીર્તિ વાધો, સંપ વધી નવનિધ. જય. ૩

ચક્રવર્તિ હોઇ ચાર દિશામાં, કરે શત્રુસંહાર;
યશ બળ કળ દ્યો અમ રાજાને, વધે વેલ પરિવાર. જય. ૪

જાનમાલનું રક્ષણ કરવા, વળી શાંતિને માટ;
રક્ષણ કરતાં સઘળે રાખે, ટાળે સહુ ઉચ્ચાટ. જય. ૫
ધર્મનીતિનું પગલું પે'લું, રાચવે દાખી માન;
ધર્મકર્મનો ભેદ ન ગણતાં, જાણે સકળ સમાન. જય. ૬
દિન દિન ચઢતી કરે હિંદની, બની હિંદ-અધીશ;
હિંદઉન્નતિ કરવા માટે, દે બુદ્ધિ તું ઈશ. જય. ૭
તખ્ત દિલ્હીનું દિપાવી, મેળવે પ્રજાનો પ્યાર;
માતા મેરીસહ મહારાજા, અમર રહે નિરધાર. જય. ૮
ર.જયકુટુંબી હિંદ સકળ નૃપ, સુખ શાંતિમાં રહો;
ચંદ્રસમી શીત મેળવતાં, મહારાજની જય જય કહો. જય. ૯

(ગુ. શા. પત્ર) પૂનમચંદ્ર જીવરામ ભટ્ટ.

૧૮.

સવૈયા એકત્રીસા.

નેજા ઝળકે આજ હર્ષનાં, ઉત્સવ ધ્વનિ પડતો બહુ કાન,
ગીત ધવળ મંગળ ખુબ થાયે પરમાનંદ તણાં નિશાન;
નરનારી આનંદી દિસતાં રૈયત મનમાં હેત અપાર,
ચક્રવર્તી શ્રી જ્યૉર્જ ભૂપનો જગમાં થાઓ સદા જયકાર.
ગ્રેટબ્રિટન ને આયરલૅન્ડના હિંદપતિ મહારાજ ખરા,
ઑસ્ટ્રેલિઆ આફ્રિકા વળી શૂરપણે ધ્રુજતીજ ધરા;

સુર્ય અસ્ત ના થાય પ્રદેશે, વિજયવાયુ બહુ થયો પ્રસાર,
ચક્રવર્તી શ્રી **જ્યાર્જ** ભૂપનો જગમાં થાઓ સદા જયકાર.

અદલ અમલને ન્યાય નીતિથી વરતાતું સઘળે આ રાજ;
જુલ્મતણું નહિ નામ જરા ત્યાં દુઃખમાત્રનો કીધો ત્યાજ;
લુંટફાટ ના થાય કોઈ દિન સુખથી ચાલે સૌ સંસાર,
ચક્રવર્તી શ્રી **જ્યૉર્જ** ભૂપનો જગમાં થાઓ સદા જયકાર.

દયા ધર્મને દિલમાં રાખી નેકથકી ચલવો આ રાજ,
આબાદાની વધે દેશમાં બન્યા આજથી અમ શિરતાજ;
લેશ ન હોયે કલેશ કદાપિ બેશ રીતિથી હોય કરાર,
ચક્રવર્તી શ્રી **જ્યૉર્જ** ભૂપનો જગમાં થાઓ સદા જયકાર.

રાજકુટુંબે પરિવારમાં સુખ સંપત્તિ સૌ ભળજો,
મહારાણી શ્રી કવીન મૅરીને સુભાગ્યને સંતાન હજો;
ભણે "સુરેન્દ્ર" નિત્ય નિત્ય ત્યાં નવિન કૃપા બક્ષે કિરતાર,
ચક્રવર્તી શ્રી **જ્યાંર્જ** ભૂપનો જગમાં થાઓ સદા જયકાર.

(ગુ. શા. પત્ર) **સુરેન્દ્ર.**

૧૯

શાર્દૂલ વિક્રીડિત.

હેતા દાન મહાન જ્યૉર્જ ભૂપતિ, મૅરી પ્રતાપી મહા,
જ્યાં ત્યાં વિજય ઘોષ હોષ હરતા, થાયે યશોગાન આ;

આજે છે પધરામણી ભૂપતણી, મુમ્બાપુરીના વિષે,
આવા પૂર્ણ પ્રતાપશાળી નૃપની, કીર્તિ વધો ચો દિશે.
જ્યાં સુધી રવિતેજ છે ગગનમાં, નક્ષત્ર, રાશી, શશી,
જ્યાં સુધી કમળાપતિ વસુમતિ, ગંગાનદી મારુતી;
જ્યાં સુધી શિવપાર્વતી ગિરિ વસે, રંભા વસે સ્વર્ગમાં,
ત્યાં સુધી બહુ ભતિ વંભવ કરો, સુખી રહો સર્વમાં.

ભુજંગી છંદ

ચિરાયુ રહો જ્યૉર્જ મ'રાજ નામી,
ચિરાયુ રહો રિદ્ધિ ને સિદ્ધિ પામી;
થજો યુક્ત મેરી મહા ભાગ્યશાળી,
રહો શૂર એ વીર મા'શસ્ત્ર ઝાલી.

કૃપાળુ રહો હિંદને લાભકર્તા,
નીતિપાળ આ રાય છે દુઃખહર્તા;
વધો કીર્તિ મા'રાજની સર્વ દિશે,
ખરા સુખીઆ લોક બ્રીટીશ વિષે;

કરે ભૂપની ભક્તિ મોટી પ્રજા આ,
ગણાયે મહા કર્ણદાને સમા હા;
ધરો હિંદનું તાજ આનંદ કેરૂં,
ચિરાયુ રહો રાજ બ્રીટીશ કેરૂં.

(આનંદ) દ. ગં. વ્યાસ.

૨૦

રાજ્યને આશિષ.

(નાથ કેસે ગજકો બંધ છુડાયો—એ રાહે.)

અમર તપો ! જ્યૉર્જનું રાજ રૂપાળું ! હરિ ! હિંદને હિતકરવાળું;
અમર તપો ! જ્યોર્જનું રાજ રૂપાળું.

વિદ્યાકળા જેમાં વધતાં ચાલે છે ને, થાય છે લોક સુખાળું;
વે'મ અજ્ઞાનની ઉંડી ગુફાઓમાં પહોંચ્યું છે જ્ઞાન ઉજાળું;
અમર તપો ! જ્યૉર્જનું રાજ રૂપાળું, હરિ ! હિંદને હિતકરવાળું,
અમર તપો ! જ્યૉર્જનું રાજ રૂપાળું.

જંતર મતર રૂપ હતું જે જે, તે તે થયું યંત્રવાળું;
દેવને દુર્લભ સુલભ થયું સહુ, જેમાં સરલ કળાવાળું;
અમર તપો ! જ્યૉર્જનું રાજ રૂપાળું, હરિ ! હિંદને હિતકરવાળું;
અમર તપો ! જ્યૉર્જનું રાજ રૂપાળું.

પૂર્વે કર્યું હતું જેમ ઉદ્ધારણ, શૂકર સ્વરૂપે ધરાનું;
તેમ કર્યું છે ઉદ્ધારણ જેણે, આજે આ હિંદ પ્રજાનું,
અમર તપો ! જ્યૉર્જનું રાજ રૂપાળું હરિ ! હિંદને હિતકરવાળું;
અમર તપો ! જ્યૉર્જનું રાજ રૂપાળું.

વિકટોરિઆના અમલથી અમળ થયું, એડવર્ડ અમલે ઉજાળ્યું;
મીઠા મે'રામણ મોલિ મહાત્માની માયોર્સિએ ઉજમાળું,

અમરતપો! જ્યૉર્જનું રાજ રૂપાળું, હરિ! હિંદને હિતકરવાળું;
અમર તપો! જ્યૉર્જનું રાજ રૂપાળું.
(સમાલોચક.)

૨૧

નામદાર શહેનશાહને ગુર્જર પ્રજાના આશીર્વાદ.

રાગ ધોળ.

આજે ગુર્જરો વંદી ગણેશને,
ઇચ્છે આટલો વર ઈશ પાસ, જીવો જ્યોર્જ પાંચમો. ૧
જેની પિતામહીના પ્રભાવથી,
ટળ્યા જુલમ જુલમીના ત્રાસ, જીવો જ્યોર્જ પાંચમો. ૨
જેના સુલેહ રક્ષક તાતથી,
લાધ્યું હિંદ ખરાબે ન લેશ-જીવો જ્યૉર્જ પાંચમો. ૩
જેના સમવૃત્તિ શાણા સચિવનો,
બોધ જગમાં થયો બેશ બેશ-જીવો જ્યોર્જ પાંચમો. ૪
આ જાયો જાજરીઓ આવે હવે,
જ્યોર્જ જ્યોતિનો પૂંજ નરેશ-જીવો જ્યોર્જ પાંચમો. ૫
પ્રભુ વૈભવ સૌ એને આપજો,
તંદુરસ્તી, વરિતને આયુષ્ય-જીવો જ્યોર્જ પાંચમો. ૬
પ્રભુ મહેર કરી રાણી મેરીને,
બાળગોપાળસહ રાખો ખુશ-જીવો જ્યોર્જ પાંચમો. ૭

આજે ઓગણીસે અગીઆરના,
જુન બાવીસમી ગુરૂવાર—જીવો જ્યોર્જ પાંચમો. ૮
અભિષેક થયો ઇંગ્લાંડમાં,
તેનો બોલીએ જય જયકાર—જીવો જ્યોર્જ પાંચમો. ૯

(સમાલોચક)

૨૨

રાગ—કલ્યાણ.

રક્ષ ભૂપ જ્યૉર્જને તું હે જગત્પતિ,
પ્રતાપ સૂર્યસમ અને છે ઉચ્ચતમ મતિ. રક્ષ૦
શાન્તિદા છે હિમરશ્મિસમ મુખાકૃતિ,
શાૈર્ય ને ક્ષમા ધૃતિથી અધિક દીપતી. રક્ષ૦
કીર્તિ તું પ્રસાર અખિલ વિશ્વમાં અતિ,
જેમ ફૂલની સુવાસ વાથી પ્રસરતી. રક્ષ૦
દુશ્મનો વિખેરી તેની ધૂળ કર કૃતિ,
અરિ તમામ નાશ કર તું કોપ અનલથી. રક્ષ૦
વેલીસમ વધાર પરિવાર ભૂપતિ,
કુટુંબમાં રખાવજે પરસ્પરે પ્રીતિ. રક્ષ૦
સંપ જંપ હેતની તું નાંખ જડ ઉંડી,
ઝેર વેર વિઘ્ન સર્વ કાપ મૂળથી. રક્ષ૦

આધિ વ્યાધિ ને ઉપાધિ નાશ કર બધી,
નૃપશિરે કૃપાની વૃષ્ટિ રાખ વરસતી. રક્ષ૦
રાખ તંદુરસ્ત નિત્ય હે દયાનિધિ,
દીર્ઘ આયુ આપ એ અમારી વિનતિ. રક્ષ૦

("ગુ. શા. પત્ર")

૨૩

ઉર્દુ નિશાળો માટે

(રાહ—એક તીર ફેંકતા જા બાંકી કમાન વાલે.)

મદદ આપકે હેં સારી જહાન વાલે,
દિલસે દુઆ હેં દેતે હિન્દુસ્તાન વાલે.
ઇનસાન હોંકે હયવાં ઇન્સાફ પા રહે હેં,
ખ્વાર બે ઝુબાન હોં વોહ યા હોં ઝબાન વાલે.
મુદ્દત કે બાઅદ દેહલી દરબાર એહ હુવા હય,
હો આપકો મુબારક અય ઇઝ્ઝો શાન વાલે.
યેહ જશ્નભી જહાં મેં એક યાદગાર હોગા,
હોંગે જીલો મેં તેરે સબ આન બાન વાલે.
યેહ આરઝુ હય, મૅરી ઓર શાહ જ્યૉર્જ પંજમ,
કાયમ રહેં જહાં મેં નામો નિશાન વાલે.

બદખ્વારસે બચાના અય માલિકે હકી કી,
તુહય હફીઝો નાસિર અય આસમાન વાલે.
મકબૂલ એહ દુઆ હો મુન્શીકી યા ઈલાહી,
તુ હય બસીરો સામ્અ કોન્દો મકાન વાલે.

(ગુ. શા. પત્ર.) મુનશી ગુલામઅલી ગુલામનબી.

૨૪

ગઝલ.

વિભુ રક્ષ પાંચમા રાજા, જીવો ઘણું જ્યૉર્જ મહારાજા.
પ્રજા ઉત્સાહમાં આજે, બધે જયના ધ્વનિ ગાજે;
પધાર્યા હિંદમાં રાજા, જીવો ઘણું જ્યૉર્જ મહારાજા.
પ્રભાવે સૂર્યસમ ભાસે, સુણીને નામ અરિ ત્રાસે;
જતા ગઝડી રિપુ હાંજા, જીવો ઘણું જ્યૉર્જ મહારાજા.
શીતળતામાં સુધાકર છે, ગભીરતામાંજ અબ્ધિ છે;
દશે દિશમાં ઘણી માજા, જીવો ઘણું જ્યૉર્જ મહારાજા.
વદન અતિ દીપતું શૌર્યે, ભર્યું દિલ પૂર્ણ ઔદાર્યે;
અલંકૃત સદ્ગુણે ઝાઝા, જીવો ઘણું જ્યૉર્જ મહારાજા.
ફર્યા વિધવિધ દેશોમાં, ઘણું જોયું પ્રવાસોમાં;
નિપુણતા મેળવી રાજા, જીવો ઘણું જ્યૉર્જ મહારાજા.

પ્રજાહિત છે ઘણું હૈયે, ગણે ઘણી વ્હાલી રૈયતને;
વગાડે વિશ્વ ગુણ વાજાં, જીવો ઘણું જ્યૉર્જ મહારાજા.
પ્રભુ અમ વિનતિ એ છે, અમી દૃષ્ટિ સદા કરજે;
નિરંતર રાખજે સાજા, જીવો ઘણું જ્યૉર્જ મહારાજા.

દ્રુતવિલંબિત.

સુરજનાં કિરણો સમ કીર્તિને,
અખિલ વિશ્વ વિષે તું પ્રસારજે;
વળી સદા શુભ વૃષ્ટિ કૃપા તણી,
નૃપશિરે કર હે જગના ધણી.

શાર્દૂલવિક્રીડિત.

જેનામાં શમતા, ક્ષમા, સુજનતા, નિપુણતા ને ધૃતિ,
વિદ્યામાં અતિ પ્રેમ આદિ ગુણની હંમેશ વૃદ્ધિ થતી;
નીતિના પથમાં સદા વિચરતા પ્રેમાળ હૈયું ઘણું,
એવા પંચમ જ્યૉર્જ શ્રેષ્ઠ નૃપને દીર્ઘાયુ દેજે પ્રભુ.

(ગુ. શા. પત્ર.) સાકરલાલ પુરૂષોત્તમ શુક્લ.

૨૫

શાર્દૂલવિક્રીડિત.

આનંદાર્દ્ર પ્રજા તણાં હૃદય છે, શું વૃષ્ટિ આનંદની ?
સ્વાતિબિંદુ સુધાથી ચાતકતણી, સંપૂર્ણ ઇચ્છા બની;

શાંતિ સાથ મહોત્સવે વસુમતી, હર્ષ સ્વરે ગાજતી,
વિશ્વે પંચમ જ્યૉર્જ ભૂપતિ તણી, ગાદી રહો શાશ્વતી.

વિદ્યાવૃદ્ધિ ખીલી રહી ભૂમિપરે, શું પૂર્ણિમા ચંદ્રિકા?
વિદ્યાદ્વાર ગ્રહી સુધારસ સુખી, ભાસે ભલી ભૂમિકા;
સૂર્યે જેમ સરોજ તેમ સહુની, સદ્બુદ્ધિ વિકાસતી,
વિશ્વે પંચમ જ્યૉર્જ ભૂપતિ તણી, ગાદી રહો શાશ્વતી.

સ્પર્શી વાસિત વૃક્ષ વાયુ લહરી, દિશા દશે વ્યાપતી,
ઠામે ઠામ તમામ તેમ જગમાં ખ્યાતિ સદા જામતી;
શાંતિ શીતળ રાજ્યછાયની નીચે, આર્ય પ્રજા પામતી,
વિશ્વે પંચમ જ્યૉર્જ ભૂપતિતણી, ગાદી રહો શાશ્વતી.

પાળે સર્વ પ્રજા ધરી હૃદયમાં, દ્વિરેફપદ્મપ્રીતિ,
જન્તે કાર્યકળા સમાજ સકળે, છે ન્યાય નીતિ રીતિ;
પામે હુન્નર વૃદ્ધિ જેમ વતતી, ફાલે વસંતે અતિ,
વિશ્વે પંચમ જ્યૉર્જ ભૂપતિ તણી, ગાદી રહો શાશ્વતી.

વર્ષામાં સરતી સરિત સરખી, આત્મે દયા સૌ વસી,
ન્યાયે ઘાતક ચોર જેમ ગગને, નિસ્તેજ સૂર્યે શશી;
પક્ષે કૃષ્ણ શશીકળા ક્ષય સમી, શત્રુદશા દીસતી,
વિશ્વે પંચમ જ્યૉર્જ ભૂપતિ તણી, ગાદી રહો શાશ્વતી.

રિદ્ધિ સિદ્ધિ મહાન શક્તિ જગમાં, સર્વોપરી પામજો,
શત્રુઓ શિર નામી પાય પડતા, સામા સહુ આવજો;

ખંડેખંડ અખંડ રાજ્યની ધજા જગતે રહે ઉડતી,
વિશ્વે પંચમ જ્યૉર્જ ભૂપતિ તણી, ગાદી રહો શાશ્વતી.

જેવા શાંતિ સુખે સહુ ઉજવીએ, રાજ્યાભિષેકોત્સવો,
તેવા શ્વેત અને સુવર્ણજ હજો, ચિંતામણી ઉત્સવો;
દીર્ઘાયુષી રહો મહા સુખમહિં, દેવાંશી પૃથ્વીપતિ,
વિશ્વે પંચમ જ્યૉર્જ ભૂપતિ તણી, ગાદી રહો શાશ્વતી.

(આનંદ.) મહાસુખભાઈ ચુનીલાલ.

૨૬

(મહેમાન થયાં તમે મારાં—એ લય.)

[૧]કોણ અવિચળ શાન્તિ આપે ?
[૨]મહારાજ્ય આ અંગ્રેજી.
[૧]ભયમાત્ર પ્રજાના કાપે ?
[૨]મહારાજ્ય આ અંગ્રેજી.
[૩]જુલમી સત્તાઓ કહાડી,
જે દુઃખ દેતી'તી દહાડી;
તે નાખી સમૂલ ઉખાડી.

---

૧ શિક્ષકને બોલવાનું છે. ૨ વિદ્યાર્થીઓને બોલવાનું છે.
૩ શિક્ષક બોલાવે અને વિદ્યાર્થીઓ બોલે.

[1]કઇ શક્તિએજ પ્રતાપે ?
[2]મહારાજય આ અંગ્રેજી.
[3]ચોરી લૂંટના ભય ભાગ્યા,
સહુ ક્રૂર જનોને દાબ્યા,
નેક ન્યાયના ડંકા વાગ્યા;
[1]કઇ શક્તિનાજ પ્રતાપે ?
[2]મહારાજય આ અંગ્રેજી.
[3]સઘળી વિપત્ત ટાળી,
આ રંક પ્રજાને પાળી;
(વળી) ઘડી શિક્ષણશૈલી રસાળી,
[1]કોણ તમને જ્ઞાનજ આપે ?
[2]મહારાજય આ અંગ્રેજી.
[3]પરમેશ્વર શાન્તિ દેજો,
શિશુની અરજી ઉર લેજો;
અમ ઉપર અવિચળ રહેજો.
[3]મહારાણી ને મહારાજા,
[3]મહારાજય આ અંગ્રેજી.

(ગુ. શા. પત્ર.) દલપતરામ નાથજી પુરાણી.

૨૭

વસંતતિલકા.

શ્રી જ્યોર્જરાય, પરમારથી દેવ અંશા,
તે દેવની જિગરથી, કરૂં હું પ્રશંસા;
સત્કીર્તિ દૈવી બળ ઉગ્ર રૂપે પ્રકાશી,
શ્રી શે'નશાહ વર બ્રિટનના નિવાસી. ૧

ભુખંડ ચાર મહિં કીર્તિ રૂડી પ્રસારી,
દિગન્તરે વિજયશ્રી સુખમાં વધારી;
નીતિ પ્રતાપ મહિમા વધતાં જણાયાં,
જેના સુછત્ર મહિં રાજ્ય ઘણાં સમાયાં. ૨

સ્થાપી સ્વરાજ ભૂમિમાં સુખ શાંતિ આપી,
આપી અનેક વિધ કેળવણી અમાપી;
વિરોધીને દૂર કરી સુજનો વધાર્યાં,
ધારા અનેક વિધ દેશ તણા સુધાર્યાં. ૩

આવા મહોત્સવ સમે શુભ કામ કીધું,
પ્રેમે પધારી અતિ શાંતિનું દાન દીધું;
ઉદારતા બ્રિટિશ રાજ્યની રૂડી સ્થાપી,
તેથી કરી જગતમાં શુભકીર્તિ વ્યાપી. ૪

અંગ્રેજી રાજ્ય રૂઢિની રૂડી રાખી માઝા,
જીવો ઘણું જગતમાં શુભ જ્યૉર્જ રાજા;

આપ્યો સુન્યાય યશ ન્યાય થકી વધાર્યો,
ડંકો પ્રતાપ યશ ન્યાય તણો ગજાવ્યો. ૫

જેનાં પ્રતાપ યશ નિર્મળ ને સમૃદ્ધિ,
શોભાવતાં ભરતખંડની રાજઋદ્ધિ;
દિલ્હી વિષે વિવિધ ભૂપતિઓ સમીપે,
શ્રી શેહેનશાહજ સિંહાસન દિવ્ય દીપે. ૬

મેળાવડોજ કર્યો પ્રેમથી નિજ હસ્તે,
સન્માન કીધું સહુ ભૂપતિઓ સમસ્તે;
બ્રિટિશરાજ્યરૂઢિનો અતિ લાવ લેવા,
શ્રી હિંદને વિવિધ હુન્નર લાભ દેવા. ૭

દેશોન્નતિજ કરવા શુભ કામ કીધું,
મેળાવડે પ્રમુખનું શુભ સ્થાન લીધું;
ભેળા કરી સરવ ભૂપતિ રાજી રાખ્યા,
રાજી કરી વિવિધ ભાષણ ભવ્ય ભાખ્યાં. ૮

તે એક દૈવિબળ માત્રનું મધ્ય બિંદુ,
શ્રી જ્યૉર્જરાય વીરનું નિરખો મુખેંદુ;
જો જાગીને જરૂર ભારતભૂમિ આજ,
છે કેવું આ સુખદ ઇંગ્લિશ કેરૂં રાજ. ૯

જે આજ કાજ ઉર રૈયતની ધરે છે,
લોકો હિતાર્થ કૃત ઉત્તમ આદરે છે;

વિદ્યા દયા સુનીતિથી પરિતોષ પામ્યા,
બંડો સમ્યાં સહુજનો સુખથી વિરામ્યા. ૧૦

જે રાજ્યભક્તિ બહુ હિંદપ્રજા વિષે છે,
બ્રિટિશરાજ્ય અતિ પ્રેમ થકી પ્રીછે છે;
આ વાતનો જગ બધે જય ઘોષ ગાજો,
બ્રિટિશરાજ્ય સુખદાયક શિર છાજો. ૧૧

રાખો સદૈવ ઈશ ઇંગ્લિશ કેરૂં રાજ,
જેનાં દિસે અતિ ઘણાં સ્તુતિપાત્ર કાજ;
શ્રીમંત રંક સરખા ગણી ન્યાય દે છે,
બ્રિટિશરાજ્યનીતિની બલિહારી એ છે. ૧૨

(નાગરવિજય.)

૨૮

રાજદંપતિનું પ્રતિ નિવર્તન.

સવૈયા એકત્રીસા.

ભલે પધાર્યા! ભલે પધાર્યા! શાહેનશાહ શ્રી પંચમ જ્યૉર્જ,
શાહેનશાહબાનુ મૅરી સહ હિન્દ વિષે અતિશય ધરી હર્ષ;
થઇ પધરામણી દેશ વિષે દિસતાં સુધરીજ ગયાં સૌ કાજ,
શાહેનશાહ શ્રી જ્યૉર્જ પાંચમા તપો અવિચળ આ તમ રાજ.

પાટનગર કીધું દિલ્હીને, બંગભંગ પાછા સંધાય,
'બીગરી નાથ વિણ કોણ સુધારે' એ કહેવત ત્યાં સત્ય જણાય;
કહેવું છે સ્હેલું પણ કરવું કઠિન ગણાય, કીધું મહારાજ,
શાહેનશાહ શ્રી જ્યૉર્જ પાંચમા તપો અવિચળ આ તમ રાજ.

તારીખ બાર ડિસેમ્બર ઇસ્વી સાલ મુબારક છે અગિઆર,
આવ્યો શુભ અવસર આ પ્રભુએ મંગળમય આ મંગળવાર;
હોંસ ધરીને પ્રજા કષ્ટનાં છેદન કરવા કર્યા ઇલાજ,
મહારાજા શ્રી જ્યૉર્જ પાંચમા રહો અવિચળ આ તમ રાજ.

ચક્રવર્તિ મહારાજ મનાયા દેવાંશી નૃપ શુભ ગુણવાન,
દેશ દેશના રાજા સઘળા પ્રેમ ધરી આપે સન્માન;
અખિલ પૃથ્વીમાં સુખદાતાનાં રાજ્ય મહિં એ મોટું રાજ,
શાહેનશાહ શ્રી જ્યૉર્જ પાંચમા તપો અવિચળ આ તમ રાજ.

પરમ કૃપાળુ કૃપા કરીને રૈયતની લેવા સંભાળ,
પંડ પધારી દર્શન દીધાં આણી ઉર વિષે અતિ વા'લ;
પચાસ લાખ રૂપૈયા અરપ્યા કેળવણી સુધરવા કાજ,
શાહેનશાહ શ્રી જ્યૉર્જ પાંચમા તપો અવિચળ આ તમ રાજ.

પ્રજાજનોનો હર્ષ માય ના ટોળે ટોળાં દર્શન ચ્હાય,
હર્ષ વધ્યો ઉરમાં એવો કે ગગન ગજાવી રાજી થાય;
ધન્ય ! ધન્ય ! વાણીથી વદતાં અપૂર્વ આ ઉત્સવ દરશાય,
શાહેનશાહ શ્રી જ્યૉર્જ પાંચમા તપો અવિચળ આ તમરાજ.

સરઘસ કુલકત્તામાં કહાડયું, નેપાળે શિકાર ગવાય,
બંગાળાના સુધરેલા સૌ શિષ્ટ જનો વદતા જગરાય;
જગતતણા ઇતિહાસ વિષે આ પૂર્વ નિદર્શન દીઠું આજ,
શહેનશાહ શ્રી જ્યૉર્જ પાંચમા તપો અવિચળ આ તમ રાજ.

કેદી તણાં બંધન કૈં છુટયાં કેદી બાળ બધા હરખાય,
"ભલું થજો આ શહેનશાહનું" આશીર્વચનો બહુ ઉચરાય;
બાળક ચાંદ મળ્યાથી ઘર ઘર દર્શન માતપિતા સમ ચ્હાય,
શહેનશાહ શ્રી જ્યૉર્જ પાંચમા તપો અવિચળ આ તમરાજ.

દેણદાર દેવાથી છૂટયા, લેણદાર સૌ રાજી થાય,
રામરાજ્યસમું સુખભાળી, "ગુણ અભરામ ન દાવા" ગાય;
પૂર્વાપર શોભાવી આવ્યું કુળ ભાનુ તેજસ્વી તાજ,
શહેનશાહ શ્રી જ્યૉર્જ પાંચમા તપો અવિચળ આ તમરાજ.

દેશ વિષે ડંકો વગડાવ્યો, ફરી પધારો મુંબઇ ગામ,
આતુરતાથી રાહ જુએ છે, રૈયત પ્રેમ ધરી અભિરામ;
સકળ પ્રજામાં કષ્ટ હર્યાં છે વૃદ્ધિથી સુધરો સૌ કાજ,
શહેનશાહ શ્રી જ્યૉર્જ પાંચમા તપો અવિચળ આ તમ રાજ.

ભલે પધારો જન્મભૂમિમાં પણ વિનતિ હિંદની મહારાજ,
ફરીવારકાં દર્શન દેવા કૃપા તમે કરશો શીરતાજ;
અંતરથી નહિ ભૂલીએ કયારે, આપ નહિ ભૂલશોજ કદાય,
શહેનશાહ શ્રી જ્યૉર્જ પાંચમા તપો અવિચળ આ તમ રાજ.

પ્રેમભરિત વચનોથી ગદગદ કંઠે સ્નેહ–નદી છલકાય,
લલનાઓ લલકારી પ્રીતે મંગલમય શુભ ગીતો ગાય;
કૃપા રાખજો, પધારજો આ ધન્ય ! ભૂમિ અંતર સૌ ચ્હાય,
શહેનશાહ શ્રી જ્યૉર્જ પાંચમા તપો અવિચળ આ તમ રાજ.

શિખરિણી.

સજોડે આવીને દરશન દીધાં છે હરખથી,
વધાવી લીધાં છે હરખ ભરી વાણી વિનયથી;
અહીં સંતોષ્યાં છે રસ બસ કરી ચિત્ત સઘળાં,
પ્રતાપી દેવાંશી યશ પ્રસરજો **દિવ્ય–ગણમાં.**

(સુદર્શન.) મઢડાકર–નાગર.

૨૯

આશીર્વાદ.

હો આપને જનકરાયની આત્મશાન્તિ !
હો રામચંદ્રજી તણી વિભુ પુણ્ય કીર્તિ !
હો ધર્મરાજસમ ધર્મની વાસનાઓ !
કલ્યાણ આપનુંજ આપ પ્રજાનું થાઓ !
સ્થાપો અખંડ તે શાન્તિ આખી શાહાનશાહને;
ને મહારાજ્ય મેંલોથી વિસ્તારો વિશ્વશાન્તિને.

અપૂર્વ વિસ્તારજ આપ રાજ્યનો,
અપૂર્વ નૌકાગઢ રાજ ! આપનો;
અપૂર્વ બન્ધારણ રાજ્યનુંજ છે;
અપૂર્વ સૌ શ્રેષ્ઠ કરો ન હોય તે.

પુત્ર પુત્રી સમાં જાણી પ્રજાનાં નરનારને;
કૌમારે પોષજો સૌને, માનજો મિત્ર યૌવને.
ઉંચેથી જેટલે આવે,
પાણી પ્રજાભક્તિ તણાં નૃપાલનાં;
ફુવારા તેટલા ઉંચા,
ઉડે પ્રજાની નૃપ ! રાજભક્તિના.

રામ રાજા ધર્મ રાજા ગવાયા છે પુરાણમાં;
આપ એવી પુણ્યકીર્તિ પામજો વર્તમાનમાં.

સામ્રાજ્યના તેજ સમાન રાયજી,
સામ્રાજ્ય શોભા સરીખાંજ રાણીજી;
ભાનુ અને ચન્દ્રકલા શી જોડણી,
સામ્રાજ્યનાં ધ્વાન્ત હરો સુઉજ્જ્વળી.

(રાજરાજેન્દ્રને.) ના. દ. કવિ.

૩૦

રાજ-ગીત.

અંગ્રેજી રાહ.

રક્ષ દેવ તું મહારાજા,
બહુ જીવજો પ્રૌઢ રાજા;
રક્ષ દેવ રાજા.

એમને કર જયવંત મસ,
સુખ કીર્તિનો દે યશ;
લંબાવ રાજ બહુ વરસ,
રક્ષ દેવ રાજા. ૧

ઓ ઇશ! જગદીશ! તું ઉઠ!
વેરી વિખેરવા રૂઠ;
આણ તેમનો કાળ.

બંધ પાડ દ્વેષ કલેશ બધો,
જ્ઞાન ને હુન્નર વધો;
અમ ઊર જંપ સંપ સધો,
કલ્યાણ સર્વ કાળ. ૨

બંજથી દાન શ્રેષ્ઠ તું કર,
જાયુ મહા જ્યૉર્જ પર;
બળ કીર્તિ ક્ષેમ.

રંક રાય સદભિમાને,
એમનું રાજ પૂજ્ય જાણે;
જ્યાં ત્યાંના લોક આણે,
નામ પ્રત્યે પ્રેમ. ૩

તુજ પાંખમાં એમને ધર,
શક્તિમાન રાજેશ્વર;
નાથ મહાજ્ઞાની.

થાય પ્રાર્થના બહુ શુભકાર,
પૂર્વથી પશ્ચિમ પાર;
રાજભક્ત એકદીલ સ્વીકાર,
રક્ષ દેવ મહારાજા. ૪

કે. ન. કાબરાજી.

અઘરા શબ્દોના અર્થ.

૧. ભ્રંશ–નાશ.

૨. સહચારે–સાથે. આર્દ્ર-કોમળ હૃદયનાં. પ્રગત થજો–આગળ વધજો.

૩. અંજલિ–ખોબો. સહિષ્ણુ–સહનશીલ. અભેદ વિલસે–ઐક્ય જણાય.

૪. (૧) ષોડશોપચાર–પૂજન સમયે થતી સોળ ક્રિયાઓ. આવાહન-બોલાવવું. રતિ–પ્રીતિ. સ્નેહસુધા–સ્નેહરૂપી અમૃત. શીકર–છાંટા. સુમન–પુષ્પ. ઉદિત–ઉગેલો.

(૨) દર્શનીય–જોવા લાયક. અલકાપુરી–કુબેરની નગરી. કવિકર–કવિના હાથ.

(૩) પાદ્ય-પગ ધોવાની ક્રિયા. તારુણી–સ્ત્રી. સૌરભ–સુગંધી.

(૪) અર્ધ્ય–પૂજન સમયે અંજલિ ભરીને કંઇપણ આપવું તે. પ્રેમપ્યાસી પ્રેમના તરસ્યા. પદરજ–પગની રજ. કિંકર–ચાકર.

(૫) વિધેય–કરવા લાયક. હૃદય-સર–હૃદયરૂપી સરોવર.

(૬) વાત્સલ્ય–પુત્ર, ભક્ત વગેરે પરનો સ્નેહ. સ્પૃહા–ઇચ્છા. લોલુપ–અત્યંત લોભવાળું. વૈષમ્ય–જુદાપણું. સામ્યાશ્રુ–સમભાવનાં અશ્રુ.

(૮) હૃદયપદ્મ–હૃદયરૂપી કમળ. અરૂણીઉષા–અરૂણોદય સમયનું પ્રભાત.

(૧૦) ભક્તિપીયૂષ–ભક્તિરૂપી અમૃત.

(૧૨) અવનિ–પૃથ્વી. રજનીપતિ–ચંદ્ર. આરકાં–કમાનો. અમોઘ–વ્યર્થ નહિ તેવી—સફળ. રત્નાકરઋદ્ધિ–દરીઆમાંની દોલત—મોતી. રાજતી–શોભતી.

(૧૩) કૌસ્તુભ–મણિ. કિરીટ–મુકુટ. સુરભિ–ગાય—કામધેનુ. ગજેન્દ્ર–ઐરાવત હાથી. ઉચ્ચૈશ્રવા–ઈંદ્રનો સમમુખી ઘોડો. ત્રિનેમિ–શંખ. આમય–વ્યાધિ—રોગ.

(૧૪) પ્રૌઢ–મોટા. ગંજેને ગંજે–ઢગલે ઢગલા—ઘણા.

(૧૫) પરિક્રમા–પ્રદક્ષિણા. પ્રસ્થાન–કૂચ. જંગી–મોટું. અતૂલ–ઘણું.

(૧૬) થ્રી ચિયર્સ હિપ્ હિપ્ હુરૅ–આનંદના પોકારો. પુલકિત–જેનાં રૂવાં ઉભાં થયાં હોય તેવા. વિકસિત–હસતા.

૫. રાજેન્દ્ર–રાજાઓમાં ઇન્દ્ર જેવો એટલે કે મોટો. અમાત્યકુ–પ્રધાન લૉર્ડક્યુ. આંગ્લરાજ–અંગ્રેજી રાજ્ય. યુગ્મ–જોડું.

૭. જયશ્રી–વિજયની દેવી. મૌક્તિક–મોતી.

૭ અ. સ્વસ્તિક–સાથીઆ.

૮. (૨) સમીર–પવન. કુસુમમાળા–પુષ્પની માળા.

૯. સુરેશ–ઇંદ્ર. કોવિદ–વિદ્વાન.

૧૦. નૃપેન્દ્ર–રાજાઓમાં ઇન્દ્ર જેવો—ચક્રવર્તિ રાજા. માઝા–મર્યાદા. નેજા–વાવટા. સદ્ય–જલદી.

૧૧. યાગ-યજ્ઞ. હર્ષાર્ણવ-હર્ષનો સમુદ્ર. આર્યોત્કર્ષ-આર્યોની ચઢતી. વારિદ-વાદળું.

૧૨. સવિતા-સૂર્ય. કવા-નઠારો પવન.

૧૩. સચરાચર-ચલ અને અચલ વસ્તુ સહિત.

૧૫. દલિત-દળાઇ ગએલું. ખલિત-ક્ષય પામેલું. મહિપ-રાજા. ખાન-ખાણ. સૌમ્ય-શાંત. બૃહતિ-મોટું. દિવ્યમાન-ચળકતું. અરવિંદ-કમળ. દીર્ઘાયુ ભવ-લાંબા આયુષ્યવાળો થા.

૧૭. હિંદકેસરી-હિંદનો સિંહ-નામદાર શહેનશાહ. ખાવિંદ-ઇશ્વર. શીત-ઠંડી-શાન્તિ.

૧૮. ધરા-પૃથ્વી. અદલ-બરાબર નેકથકી-ન્યાયથી. બેશ-સારી. ક્વીન-રાણી.

૧૯. મુમ્બાપુરી-મુંબઇ. વસુમતી-પૃથ્વી. મારુતી-હનુમાન. ભાતિ-જુદા જુદા પ્રકારના. ચિરાયુ-લાંબા આયુષ્યવાળા.

૨૦. શકર-વારાહ. અમગ-ચોકખું. મેરામણ-સમુદ્ર. માયોર્મિ-મમતા ભરેલી લાગણીઓ.

૨૧. પિતામહી-પિતાની માતા-મહારાણી વિકટોરિઆ. લાધ્યું-લાગ્યું. સચિવ-પ્રધાન. જાયો જાજરીઓ-ઉજળી કીર્તિવાળો પુત્ર (મર્હુમ શહેનશાહ એડ્વર્ડનો.) પૂંજ-ઢગલો.

૨૨. ઉચ્ચતમ-ઘણી ઉંચી. શાન્તિદા-શાન્તિ આપનાર. હિમરશ્મિસમ-ચંદ્રના જેવી. ધૃતિથી-ધીરજથી. કોપઅનલથી-ક્રોધરૂપી અગ્નિથી.

૨૪. હાંજા—શરીરના સાંધા. સુધાકર—અમૃતનો ભંડાર. અબ્ધિ—સમુદ્ર. ઔદાર્યે—ઉદારપણામાં. અલંકૃત—શોભિતા. શમતા—શાન્તિ. ધૃતિ—ધીરજ. પથમાં—પંથમાં—રસ્તામાં.

૨૫. આનંદાર્દ્ર—આનંદથી ભીંજાએલાં. સ્વાતિબિંદુ—સ્વાતિ નક્ષત્રમાં વરસાદ પડે છે તેનાં બિંદુ—છાંટા. સરોજ—કમળ. શાશ્વતિ—અમર. દ્વિરેફપદ્મપ્રીતિ—ભમરાનો કમળપરનો સ્નેહ. વ્રતતી—વેલાઓ. શ્વેત—રજત મહોત્સવ (પચીશ વર્ષે થાય છે તે) સુવર્ણ—સુવર્ણ મહોત્સવ (પચાશ વર્ષે થાય છે તે) ચિંતામણી—રત્ન મહોત્સવ (સાઠ વર્ષે થાય છે તે)

૨૬. નેક—અદલ—બરાબર. શિશુ—બાળક.

૨૭. જિગરથી—અંતઃકરણથી. માઝા—હદ. રાજઋદ્ધિ—રાજનો ઉત્કર્ષ—રાજ્યની આબાદી. મુખેંદુ—મુખરૂપી ચંદ્ર. સુખદ—સુખ આપનાર. કૃત—કૃત્ય—કામ. પરિતોષ—પરમ સંતોષ. સદૈવ—હંમેશા.

૨૮. બીગરી—બગડેલી. શિષ્ટ-સારી કેળવણી પામેલા. નિદર્શન—દેખાવ. દેવાંશી—દેવના અંશવાળા. દિવ્યગણમાં—દેવતાઓમાં.

૨૯. અપૂર્વ—અસાધારણ—પહેલાં કદી ન બન્યું હોય તેવું. કૌમાર—કુમારાપણું. વર્તમાનમાં—ચાલતા સમયમાં. ધ્વાન્ત—અંધકાર.

૩૦. પ્રૌઢ—મોટા. રૂઠ—કોપાયમાન થા—ગુસ્સે થા. સધો—થાઓ. ગંજ—ઢગલો. સદભિમાને—સારા અભિમાનથી.

સમાપ્ત.

દયાશંકર ભાઈશંકર શુક્લનાં બીજાં પુસ્તકો.

૧. અહિચ્છત્ર—કાવ્યકલાપ—

કે જેમાં—

પ્રશ્નોરા નાગર જ્ઞાતિના પ્રાચીન તથા અર્વાચીન કવિઓનાં પ્રસિદ્ધ તથા અપ્રસિદ્ધ કાવ્યોમાંથી ચૂંટી કાઢેલાં ઉત્તમ કાવ્યોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. વળી તેમાં પ્રાચીન કવિઓનાં જીવન ચરિત્ર અને કાવ્યોની ટીકા પણ આપવામાં આવી છે. આ જાતનો સંગ્રહ ગુજરાતી ભાષામાં આ પહેલ-વહેલોજ છે. જેને માટે જાણીતા વિદ્વાનો અને પ્રસિદ્ધિ પામેલાં પત્રો જેવાં કે "ગુજરાતી," "બુદ્ધિપ્રકાશ," "સાહિત્ય," "વિવેચક" અને "પટેલબન્ધુ" વગેરેના ઉત્તમ અભિપ્રાયો મળેલા છે. વડોદરા રાજ્ય તરફથી આ પુસ્તક શાળા લાયબ્રેરી ને ઈનામ ખાતે મંજુર થએલું છે. પૃ. ૨૩૬. કાચું પૂઠું કિં. રૂા. ૦–૧૦-૦ પાકું પૂઠું કિ. રૂા. ૦–૧૨–૦.

૨. અભયા એકાદશી.

એક જાનું અપ્રસિદ્ધ કાવ્ય (સટીક) કે જેમાં આઠ પ્રકરણમાં એકાદશી માહાત્મ્યનું સુંદર ચિત્ર દૃષ્ટાન્તથી આલેખવામાં આવ્યું છે. પૃ. ૩૨. કિં. માત્ર રૂા. ૦-૧-૦ ભાવિકજનોને વહેંચાવવા માટે ૧ રૂપિઆની ૨૫. નકલ.

મળવાનું ઠેકાણું.

દયાશંકર ભાઈશંકર શુક્લ.

સાર્વજનિક હાઇસ્કૂલ-સુરત.

કલ્યાણજી વિઠ્ઠલભાઈ મહેતાનાં

બીજાં પુસ્તકો.

૧. ગોપ-કાવ્યો,

(PASTORAL POEMS)

ગુજરાતી સાહિત્યમાંથી ખેડુ જીવનને—સાદાં જીવનને—લગતાં ઉત્તમ કાવ્યોનો સટીક સંગ્રહ જાણીતા વિદ્વાન્ લેખક શ્રીયુત રણજીતરામ વાવાભાઇ મહેતા બી. એ. એમની પ્રસ્તાવના સાથે પૃ. લગભગ ૧૬૦ કિં. રૂા. ૦—૮—૦.

૨. બાલ-પ્રાર્થના.

(બીજી આવૃત્તિ)

જેને માટે જાણીતા માસિક “સત્ય”ના શબ્દમાં કહીએ તો “અર્ધા આનાની કીમતવાળી પ્રાર્થનાની નાની અમથી

રમકડાં જેવી ચોપડીમાં બહુજ સારી રીતે ચુંટાએલી પ્રાર્થનાઓ આપવામાં આવેલી છે ને તે દરેક હિંદુએ સંગ્રહવા લાયક છે." સામટી વહેંચાવવા ઇચ્છનાર માટે ૧ રૂપિઆની કુદ.

૩. પાટીદાર પદ્યાવલિ.

(છપાય છે)

પ્રાચીન તથા અર્વાચીન પાટીદાર કવિઓનાં ઉત્તમ કાવ્યોનો કવિચરિત્ર સાથે સટીક સંગ્રહ. પૃ. લગભગ ૧૨૫. કિં. રૂા. ૦–૫–૦

મળવાનું ઠેકાણું.

"પટેલબન્ધુ" ઑફીસ, અથવા

"પાટીદાર બોર્ડિંગ હાઉસ"—સુરત.

મુદ્રાલેખ.

નામદાર શહેનશાહ પાંચમા જ્યોર્જ મહારાજે લીવર
પુલ શહેરની નૌકાશાળાના વિદ્યાર્થીઓ સમક્ષ ભાષણ આ
પતાં કહ્યું હતું કે “ વીશ વર્ષના મારા દરીઆના અનુભવ
ઉપરથી તમને ત્રણ સૂચનાઓ કરવા માગું છું, તે ઉપર
બરાબર લક્ષ આપશો તો ભવિષ્યમાં તમારી જીંદગી વિજ
યવાન થયા વિના રહેશે નહિ. તે ત્રણ સૂચનાઓ
પ્રમાણિકપણું, (૨) આજ્ઞાંકિતપણું અને (૩)
ીપણું છે. પ્રમાણિકતાથી તમારા હાથ નીચેના
તમારા ઉપર વિશ્વાસ રહેશે, આજ્ઞાંકિતપણાથી
નો ભરોંસો તમે મેળવી શકશો અને
રી સઘળી ફરજો બરાબર સમજાવા

(સુંદરીસુબોધ.)